Friday, 21 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



કેટલાક લોકો સફળતાના માત્ર સપના જોવે છે, જ્યારે અન્ય વ્યક્તિ જાગે છે અને આકરી મહેનત કરે છે. -મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com
દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૩ ● સંવત-૨૦૮૨ માગશર સુદ એકમ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD

## આજે દાનહ અને દમણ-દીવની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં વિજેતા બનેલા સભ્યો શપથ લેશે

### દાનહ અને દમણ-દીવ જિલ્લા પંચાયતના સભ્યોને પંચાયતી રાજ સચિવ નિખિલ દેસાઈ શપથ લેવડાવશેઃ દીવ અને દાનહમાં વિડિયો કોન્ફરન્સિંગથી સભ્યો શપથ ગ્રહણ કરશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં વિજેતા બનેલા સભ્યોના શપથ વિધિના કાર્યક્રમનું આયોજન આવતીકાલે કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાદરા નગર હવેલી અને દમણ-દીવની વિવિધ ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચો અને ગ્રામ પંચાયત સભ્યની શપથ વિધિ માટે વિવિધ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. જેઓ આવતી કાલે પોતપોતાની પંચાયતોમાં સરપંચો અને ગ્રામ પંચાયત સભ્યોને શપથ લેવડાવશે.

દાદરા નગર હવેલી અને દમણ તથા દીવ જિલ્લા પંચાયતમાં વિજેતા બનેલા જિલ્લા પંચાયત સભ્યો આવતી કાલે સંઘપ્રદેશના પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈ સમક્ષ શપથ ગ્રહણ કરશે. દમણ જિલ્લા પંચાયતના સભ્યો દમણ જિલ્લા પંચાયતના સભાખંડમાં શપથ લેશે, જ્યારે દીવ અને દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના સભ્યોને વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંઘપ્રદેશના પંચાયતી રાજ સચિવશ્રી શપથ લેવડાવશે.

અત્રે નોંધનીય છે કે, આવતી કાલથી સંઘપ્રદેશની ગ્રામ પંચાયતોના સરપંચો પોતાના ગ્રામ પંચાયતનો વહીવટ સંભાળી લેશે. જ્યારે દાદરા નગર હવેલી અને દમણ તથા દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીના કાર્યક્રમની પણ હવે જાહેરાત થશે.

### દમણ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ખુબ ગાજેલા અપહરણ અને એક્સટોર્સનના કેસમાં

## દમણ ક્રાઈમ બ્રાન્ચના આરોપી પોલીસ કર્મીઓની જામીન અરજી નામંજૂર કરવાનો દમણના જિલ્લા અને સત્ર ન્યાયાધિશનો આદેશ

### ક્રાઈમ બ્રાન્ચના આરોપી પોલીસ કર્મીઓને બચાવવા એફ.આઈ.આર.માં દાખલ કરેલ કિડનેપીંગ અને એક્સટોર્સન જેવી મુખ્ય કલમો ચાર્જશીટથી હટાવવાનું કામ દમણ પોલીસે કર્યું હોવાનો સરકારી વકિલ હરિઓમ ઉપાધ્યાયનો દાવો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

દમણ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ખુબ ગાજેલા અપહરણ અને એક્સટોર્સનના કેસમાં આરોપી પોલીસકર્મીઓની જામીન અરજી નામંજૂર કરવાનો આદેશ દમણના જિલ્લા અને સત્ર ન્યાયાધિશ શ્રી રાજેશ તિવારીએ કરતા ફરી એકવાર આ પ્રકરણ ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણથી સુરત ફરવા આવેલ પ્રવાસીઓનું અપહરણ અને એક્સટોર્સનના ગુનામાં કડૈયા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૦/૨, ૩૮૦/૭, અને ૩(૫) અંતર્ગત જતિન પટેલ, અંકુશ સિંહ, રામદેવસિંહ જાડેજા, વિશાલ મીર, વિશાલ રાજપુત, કૃષ્ણવિજય ગોહિલ, ધનજી ડોબરિયા સહિત એક અન્યના વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસના આરોપી અંકુશ સિંહે જામીન માટે જિલ્લા અને સત્ર ન્યાયાલયમાં અરજી કરી હતી. જેની ૧૭મી નવેમ્બરે સુનાવણી બાદ વિદ્વાન ન્યાયાધિશ શ્રી રાજેશ તિવારીએ નામંજૂર કરી હતી. આ કેસમાં સરકારી વકીલ શ્રી હરિઓમ ઉપાધ્યાયે કરેલા દાવા પ્રમાણે એફ.આઈ.આર.માં દાખલ કરેલ કિડનેપીંગ અને એક્સટોર્સન જેવી મુખ્ય કલમો ચાર્જશીટથી હટાવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, દમણ પોલીસ આ કેસના આરોપી સ્ટાફને બચાવવાની કોશિષ કરી રહી છે. કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી નામંજૂર થયા બાદ આ પ્રકરણે ફરીથી ચર્ચા જગાવવાનું શરૂ કર્યું છે.

### ‘મેરા યુવા ભારત-સેલવાસ’ અને એન.એસ.એસ. દ્વારા

## સ્ટેડિયમ ગ્રાઉન્ડ સેલવાસથી કિલવણી નાકા સુધી ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’ યોજાઈ

### દાનહના સાંસદ કલાબેન ડેલકરે લીલીઝંડી બતાવી ‘એકતા પદયાત્રા’નું કરાવેલું પ્રસ્થાન

### એકતા પદયાત્રા બાદ આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ‘આત્મનિર્ભર ભારત’ અને ‘નશામુક્ત ભારત’ના લીધેલા શપથ










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૦**

ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલયે ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી માટે રાષ્ટ્રવ્યાપી ‘એકતા કૂચ’નું આયોજન કર્યું છે. આ કાર્યક્રમના ભાગ રૂપે, આજે ‘મેરા યુવા ભારત-સેલવાસ’ અને ‘રાષ્ટ્રીય સેવા યોજના(એનએસએસ)’ દ્વારા સેલવાસમાં જિલ્લા સ્તરીય એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. એકતા પદયાત્રાનો ઉદ્દેશ્ય યુવાઓમાં રાષ્ટ્રીય એકતા, અખંડતા, કર્તવ્યનિષ્ઠા અને આત્મનિર્ભરતાની ભાવનાને જાગૃત કરવાનો છે.

સેલવાસ ખાતે આયોજીત ‘એકતા પદયાત્રા’ની શરૂઆત સ્ટેડીયમ ગ્રાઉન્ડથી દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે લીલીઝંડી બતાવીને કરવામાં આવી હતી. આ ‘એકતા પદયાત્રા’ પોલીસ સ્ટેશન સેલવાસથી આમલી ચાર રસ્તા અને કિલવણી નાકા થઈ પરત સ્ટેડિયમ ગ્રાઉન્ડ પર આવી પહોંચી હતી. આ પાંચ કિલોમીટરની ‘એકતા પદયાત્રા’માં પાંચસોથી વધુ યુવાઓ, રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ.)ના સ્વયંસેવકો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને એકતાનો સંદેશ ફેલાવ્યો હતો. દરમિયાન દાનહ સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે યુવાઓને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર, એમની રાષ્ટ્રીય એકતાના વિચાર અને અખંડ ભારતના નિર્માણમાં તેમના યોગદાનની માહિતી આપી હતી.

‘એકતા પદયાત્રા’ની સમાપ્તિ બાદ અન્ય કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત યુવાઓ અને અતિથિઓએ મળી ‘આત્મનિર્ભર ભારત’ અને ‘નશામુક્ત ભારત’ના શપથ લીધા હતા. જેમાં સમાજને નશામુક્ત બનાવવા અને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય સહયોગ આપવાનો સંકલ્પ લીધો હતો. અત્રે આયોજીત જિલ્લા સ્તરીય ‘એકતા પદયાત્રા’નું નેતૃત્વ જિલ્લા યુવા અધિકારી સુશ્રી મનસા કુમારીએ ખુબ જ કુશળતાથી કર્યું હતું. તેમણે યુવાઓને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ‘એકતા પદયાત્રા’ એ દેશહિત, એકતા, અનુશાસન અને સામાજીક ઉત્તરદાયિત્વની દિશા માટે પ્રેરિત કરવાનું એક સશક્ત માધ્યમ છે. સમગ્ર કાર્યક્રમના સંચાલન દરમ્યાન યુવા સ્વયંસેવકો શ્રી સુરેશભાઈ ભોયા, શ્રી સાઈન જાદવ અને શ્રી સચિન બોરસેએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

આ અવસરે દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી સુનિલ પાટીલ, શ્રીમતી નિશા ભવર, રાજ્ય એન.એસ.એસ. અધિકારી શ્રી ગૌરાંગ વોરા, એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર ડૉ. મનીષા પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્તિકી અમાસના દિવસે દમણમાં અરબી સમુદ્રના સંગમ પર દમણગંગા આરતી માટે ભક્તોની ઉમટેલી ભીડ

### ભાજપના વરિષ્ઠ નેતા વિશાલભાઈ ટંડેલ અને સિમ્પલબેન કાટેલાએ શંખ અને દીવાઓ વડે મા ગંગાની કરેલી પૂજા






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

આજે કાર્તિકી અમાસના દિવસે નાની દમણમાં સમુદ્ર નારાયણ મંદિર સંકુલમાં આજે ફરી એકવાર આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. ભક્તોએ અહીં યોજાયેલી ભવ્ય દમણગંગા આરતીમાં ભાગ લીધો હતો. બ્રાહ્મણો અને આચાર્યોએ દમણગંગા નદીની ધાર્મિક પૂજા કરી હતી. આ પ્રસંગે માછી સમુદાયના અગ્રણી અને યુવા ભાજપ નેતા શ્રી વિશાલભાઈ ટંડેલ, દમણ ન.પા.ના નવા ચૂંટાયેલા કાઉન્સિલર શ્રીમતી સિમ્પલ કાટેલા, શ્રી અસ્પી દમણિયા અને મોટી સંખ્યામાં મા ભક્તોએ દમણગંગાની આરતી કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણગંગા આરતી દરમિયાન યુવા નેતા શ્રી વિશાલભાઈ ટંડેલ અને શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ ભક્તિ અને શ્રદ્ધાથી જ્યોત પ્રગટાવી શંખના અવાજ સાથે, મંદિર સંકુલમાં હાજર તમામ ભક્તોએ આ દિવ્ય દૃશ્યને ધ્યાનથી નિહાળ્યું હતું. આ દમણગંગા આરતીએ ભક્તિનનું એક અનોખું વાતાવરણ સર્જ્યું હતું. આ દરમિયાન, શ્રી વિશાલભાઈ ટંડેલે ભાવુકતાથી જણાવ્યું હતું કે, અમારું સંપૂર્ણ લક્ષ્ય દમણને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખના નકશા પર મૂકવાનું છે. આરતી દરમિયાન પ્રગટાવવામાં આવેલા હજારો દીવા લોકોની પ્રાર્થના, આશા અને કૃતજ્ઞતાને પ્રતિબિંબિત કરતા હતા. દમણગંગાની આરતી દરમિયાન, સૌ ભક્તોએ એકસાથે મંત્રોચ્ચાર કર્યા હતા. ભક્તોએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંપૂર્ણ શિસ્તનું પ્રદર્શન કર્યું હતું જેનાથી કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ થયો.

## સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા મોટી દમણના વિદ્યાર્થીઓએ દમણ જિલ્લા પુસ્તકાલયની લીધેલી મુલાકાત

### આજના ડિજિટલ યુગમાં પુસ્તક વાંચનમાં રૂચિ વધારવાનો આપેલો સંદેશ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

મોટી દમણની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ ૧૨ આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ આજે મદદનીશ શિક્ષિકા શ્રીમતી પ્રમીલાબેન પી. સોલંકીના નેતૃત્વમાં દમણ જિલ્લાના પુસ્તકાલયની મુલાકાત લીધી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મોટી દમણ સ્થિત સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ ૧૨ના આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને આજે તેમની શાળાના મદદનીશ શિક્ષિકા શ્રીમતી પ્રમીલાબેન પી. સોલંકીના નેતૃત્વમાં દમણની જિલ્લા પુસ્તકાલયની મુલાકાત કરાવી વાંચનપ્રવૃત્તિ માટે પ્રેરિત કરાયા હતા.

આજના યુગમાં લોકો વધુ સમય મોબાઈલ ઉપર વિતાવે છે, જેનાથી સીધી અસર તેમના અભ્યાસની સાથે સાથે આરોગ્ય ઉપર પણ પડે છે, જે ખુબ જ હાનીકારક હોય છે. એટલા માટે પુસ્તકાલયનો માહોલ જોઈને વિદ્યાર્થીઓની પણ વાંચન તરીકે રૂચિ વધે, જ્ઞાનનો વ્યાપ વધે અને જીવનમાં સાચી સફળતા મેળવે, તે હેતુથી વિદ્યાર્થીઓને પુસ્તકાલય જેવા જ્ઞાનના માધ્યમની હંમેશા મુલાકાત કરાવતા રહેવું જોઈએ. તે માટે આજના ડિજિટલ યુગમાં પુસ્તક વાંચનમાં રૂચિ વધારવાનો સંદેશ પણ વિદ્યાર્થીઓની પુસ્તકાલય મુલાકાતના માધ્યમથી ફેલાવાયો હતો.

કોઈકે સાચું જ કહ્યું છે કે, ‘‘Books are our never failing frinds.’’ આ મુલાકાતથી વિદ્યાર્થીઓને સારી પ્રેરણા મળે અને વાંચવાનો શોખ વિકસે.

અત્રે યાદ રહે કે, પુસ્તકો વાંચવું એ મન માટે શ્રેષ્ઠ વ્યાયામ છે અને સૌથી સુંદર આદત છે જે વ્યક્તિએ મજબૂત મનની સાથે એક સશક્ત અને પ્રબુદ્ધ આત્મા બનવા માટે વિકસાવવી જોઈએ. વાંચન વ્યક્તિના શારીરિક, ભાવનાત્મક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી પર ભારે અસર કરે છે.

## દાનહના નરોલી ખાતેની માઉન્ટ લીટેરા ઝી સ્કૂલ દ્વારા ‘લીટેરા ચેમ્પિયન્સ લીગ’નું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૦**



દાદરા નગર હવેલીના નરોલી ગામ ખાતેની માઉન્ટ લીટેરા ઝી સ્કૂલ દ્વારા ‘લીટેરા ચેમ્પિયન્સ લીગ (એલ.સી.એલ.)’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત સ્ટેડીયમ ગ્રાઉન્ડ સેલવાસથી પ્રમુખ વિહાર સુધી મશાલ રેલીનું આયોજન કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ શાળા પરિસરમાં ટીમ પરેડ યોજવામાં આવી હતી.

એલ.સી.એલ.માં ટોર્ચ રન અને ટોર્ચ લાઈટિંગ બાદ સ્પોર્ટ્સ શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ખેલભાવના અને અનુશાસનનો સંદેશ પ્રસરાવ્યો હતો. એલસીએલ ફ્લેગ હોસ્ટિંગ સાથે ખેલ પર્વનો શુભારંભ કરવામાં આવ્યો હતો. એલ.સી.એલ.ના ઓપનિંગ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતી કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અવસરે ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય અતિથિ તરીકે સેલવાસના આર.ડી.સી. શ્રી અમિત કુમાર ઉપસ્થિત રહ્યા હતા. સાથે શાળાના ચેરમેન શ્રી દિવ્યાંગસિંહ ચૌહાણ, ડાયરેક્ટર શ્રીમતી કીર્તિબેન ચૌહાણ, આચાર્ય શ્રીમતી શાંતિ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

મિત્રો એ જીવનના સાચા સાથી છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### જિંદગી થકી

મુજ દિલ ખુશ થઈ નથી શકતું ખુશી થકી,
ટેવાઈ એટલું એ ગયું છે ગમ થકી.

એક તું કે જીવવાની તને લાલસા રહી,
એક હું કે જે ધરાઈ ગયો જિંદગી થકી.

કળીઓને તોડનાર વિચારીને તોડજે,
આશા રહે છે ફૂલ થવાની કળી થકી.

એથી ભલા વધારે હો સદભાગ્ય શું, કહો!
દુશ્મને મને નિહાળી રહ્યા લાગણી થકી.

સંતાયેલી છે એ મહીં દિલની કથા મહાન,
વરસાવી આંસુઓ જે રહ્યો આંખડી થકી.

એના થકી મળી ન ભટકવા તણી મજા,
મંજિલ ફક્ત મળી કોઈની રહબરી થકી.

થાયે છે દોસ્તી જ થકી દુશ્મની 'સગીર',
ડરતો રહું છું એટલે હું દોસ્તી થકી.

- સગીર

## આજની જોક

ગધેડો - મારો માલિક મને ખૂબજ મારે છે...
કૂતરો - તો તૂ ત્યાંથી ભાગી કેમ નથી જતો
ગધેડા - નહી યાર,,
જ્યારે માલિકની દીકરી નથી ભણતી તો તે તેની દીકરીથી કહે છે તારા લગ્ન તો ગધેડા સાથે કરી દઈશ. આજ આશામાં બેસ્યો છું.

## કબીર વાણી

**કબીર ! ગુજરી બિખકી, સૌદા લિયા બિકાય;**
**ખોટી બાંધી ગાંઠડી, અબ કછુ લિયા ન જાય.**

**- અર્થાત-**

ઓ કબીર! બજારનો ઝેહેરી સોદો તેં વેચાતો લીધો અને એવી ખોટી માલમતા ભેગી કીધી તો તે (મરતી વેળા) સાથે હવે કેમ લઈ જવાય?

## આજનો દિન વિશેષ

### યદુનાથ સિંહ

જન્મ ૨૧ નવેમ્બર ૧૯૧૬, ખજુરી, શાહજહાંપુર, ઉત્તર પ્રદેશ, મૃત્યુ ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ (૩૧ વર્ષની વયે) નૌશેરા, જમ્મુ અને કાશ્મીર, વફાદારી, બ્રિટિશ ભારત, ભારત. સેવા/શાખા બ્રિટિશ ભારતીય સેના, સેવા વર્ષ ૧૯૪૧-૧૯૪૮, શીર્ષક હીરો, સેવા નંબર ૨૭૩૭૩, ટુકડી ૧લી બટાલિયન, રાજપૂત રેજિમેન્ટ, યુદ્ધો/અથડામણ-વિશ્વ યુદ્ધ II, અરાકાન અભિયાન ૧૯૪૨-૧૯૪૩, ભારત-પાકિસ્તાન યુદ્ધ ૧૯૪૭, પરમવીર ચક્રનું સન્માન.

નાઈક જદુનાથ સિંહ પરમવીર ચક્રથી સન્માનિત ભારતીય સૈનિક છે. તેમણે ૧૯૪૭ ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં અજોડ હિંમતનું યોગદાન આપ્યું અને શહીદી પ્રાપ્ત કરી. તેમને ૧૯૫૦માં મરણોત્તર આ સન્માન મળ્યું હતું.


મિસ્ટર સિંહને ૧૯૪૧માં બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં કમિશન આપવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, તેમણે બર્મામાં જાપાન સામેની લડાઈમાં ભાગ લીધો હતો. બાદમાં તેમણે ભારતીય સેનાના સભ્ય તરીકે ૧૯૪૭ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લીધો હતો. નાઈક સિંહને ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ જમ્મુ અને કાશ્મીરના નૌશેરાના ઉત્તરની લડાઈમાં તેમના યોગદાન બદલ પરમવીર ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રી સિંહનો જન્મ ૨૧ નવેમ્બર ૧૯૧૬ના રોજ ઉત્તર પ્રદેશના શાહજહાંપુરના ખજુરી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ બિરબલ સિંહ રાઠોડ અને માતાનું નામ યમુના કંવર હતું. તે આઠ બાળકોમાં ત્રીજા હતા (૬ ભાઈઓ અને એક બહેન).

શ્રી સિંહે તેમના ગામની સ્થાનિક શાળામાં ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો પરંતુ તેમના પરિવારની આર્થિક સ્થિતિને કારણે તેઓ તેમનું શિક્ષણ આગળ વધારી શક્યા ન હતા. તેમણે તેમના બાળપણનો મોટાભાગનો સમય તેમના પરિવારને તેમના ખેતરમાં કૃષિ કામમાં મદદ કરવામાં વિતાવ્યો. તેણે કુસ્તીને એક રમત તરીકે અપનાવી અને આખરે તે તેના ગામનો કુસ્તી ચેમ્પિયન બન્યો. તેમના પાત્ર અને સુખાકારી માટે, તેઓ ''હનુમાન ભગત બાલ બ્રહ્મચારી'' ના નામથી જાણીતા હતા. શ્રી સિંહે લગ્ન કર્યા ન હતા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, શ્રી સિંહને ફતેહગઢ રેજિમેન્ટલ સેન્ટર ખાતે ૨૧ નવેમ્બર ૧૯૪૧ના રોજ બ્રિટિશ ભારતીય સેનાની ૭મી રાજપૂત રેજિમેન્ટમાં ભરતી કરવામાં આવી હતી. તેમની તાલીમ પૂર્ણ કર્યા પછી શ્રી સિંહને રેજિમેન્ટની ૧લી બટાલિયનમાં તૈનાત કરવામાં આવ્યા. ૧૯૪૨ના અંત પછી, બટાલિયનને અરકાન પ્રાંતમાં ૧૯૪૨-૧૯૪૩ના અરાકાન ઝુંબેશ માટે બર્મા અભિયાન દરમિયાન તૈનાત કરવામાં આવી હતી, જ્યાં તેઓ જાપાનીઓ સામે લડ્યા હતા.

## પ્રવાસ : જીવદાની માતા મંદિર, વિરાર



આ મંદિર સમુદ્ર સપાટીથી લગભગ ૧૫૦૦ ફૂટની ઊંચાઈએ એક ટેકરી પર આવેલું છે. દેવી મુંબઈથી લગભગ ૬૦ કિલોમીટર દૂર ઉત્તર મુંબઈના ઉપનગર વિરારમાં સતપુરા પર્વતમાળાના એક ભાગ તરીકે ઓળખાતી ટેકરી પર જમીનથી લગભગ ૧૪૬૫ પગથિયાં ઉપર સ્થિત મંદિરમાં બિરાજમાન છે. આ ટેકરી વિરાર અને તેની આસપાસના વિસ્તારનો અદભુત નજારો આપે છે. નવરાત્રી ઉત્સવના નવ દિવસ દરમિયાન ઘણા ભક્તો મંદિરની મુલાકાત લે છે.

### નેટ યુઝર્સની ડિજિટલ સિક્યોરિટી સામે પ્રશ્નાર્થ સર્જાયો

# ૩૫૦ કરોડ યુઝર્સના પાસવર્ડ અને ઈ-મેઈલ લીક થતા હોબાળો

**મેટાને આઠ વર્ષ પહેલાં સિસ્ટમની ખામીની જાણ હોવા છતાં પગલાં ન લેતાં અબજો લોકોની ડિજિટલ સિક્યોરિટી ભયમાં મૂકાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૦**

ટેકનોલોજીની દુનિયામાં ડિજિટલ ઓળખ સૌથી મહત્ત્વપૂર્ણ છે. આ સંજોગોમાં જો ૩૫૦ કરોડ યુઝર્સ એટલે કે વિશ્વની અડધી વસ્તીના યુઝર્સના પાસવર્ડ અને ઇ-મેઇલ લીક થવાના પગલે ખળભટ મચી ગયો છે. તેમાં બે અબજથી પણ વધુ ઈ-મેઈલનો અને ૧.૩ અબજથી વધારે પાસવર્ડ લીક થયેલા હોવાનું સાઈબર ઈન્ટેલિજન્સ ફર્મ સિન્થિયન્ટે જણાવ્યું છે.

સાઈબર થ્રેટ ઈન્ટેલિજન્સ કંપની સિન્થિયન્ટે ઓપન અને ડાર્ક વેબ પર વ્યાપકપાયા પર તપાસ અભિયાન ચલાવીને લીક્ડ થયેલા ઈ-મેઈલ્સ એડ્રેસીસ અને પાસવર્ડનો પતો લગાવ્યો હતો. આ જ ફર્મે તાજેતરમાં આવા ૧૮.૩ કરોડ ઈ-મેઈલ પણ શોધી કાઢ્યા છે, જેની સુરક્ષા ભયમાં મૂકાઈ હતી. આ બતાવે છે કે વિશ્વની કુલ આઠ અબજથી પણ વધુ વસ્તીમાં ૫.૫ અબજથી પણ વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે ત્યારે તેમની ડિજિટલ સિક્યોરિટી ભયમાં મૂકાઈ છે. સિન્થિયન્ટે ટ્રોય હંટ સાથે કામ કરતાં તફડાવાયેલા બે અબજથી વધુ ઈ-મેઈલ એડ્રેસ અને ૧.૩ અબજથી વધુ પાસવર્ડનો જંગી ડેટાસેટ રચ્યો છે. આ બધા ઈ-મેઈલ એડ્રેસ અને પાસવર્ડ ડાર્ક વેબ પર જુદાં-જુદાં સમયગાળા દરમિયાન વેચાવા અર્થે મૂકાયા હતા તેમાથી મેળવવામાં આવ્યા છે. આ ઘટના બતાવે છે કે કેટલા મોટા પાયા પર ડેટાચોરી થઈ રહી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે વોટ્સએપની માલિક કંપની મેટાને ૨૦૧૭માં ડેટા લીકેજ અંગે જાણ કરવામાં આવી હતી. તેના પછી છેક આઠ વર્ષે તેણે આ ખામી ઠીક કરી આ દરમિયાન અબજો લોકોના ડેટા સાઈબર ક્રિમિનલો ઉડાડી ગયા. આજે સાઈબર ક્રાઈમમાં થયેલો વધારો, ડિજિટલ એરેસ્ટ આ બધાનું કારણ મેટાની આ ખામી છે. એકલા ભારતમાં જ વોટ્સએપનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ૫૦ કરોડ કરતાં વધુ છે.

ઓસ્ટ્રેલિયામાં વિયેનામાં વિયેના યુનિવર્સિટીના સિક્યોરિટી રિસર્ચરોએ તાજેતરમાં જ પ્રકાશિત કરેલા રિપોર્ટે મેટાના હેડક્વાર્ટરમાં સનસનાટી મચાવી દીધી. રિસર્ચરોએ જણાવ્યું હતું કે વોટ્સએપ સિસ્ટમમાં અત્યંત બેઝિક પરંતુ ખતરનાક ખામી હતી, તેને ટેકનિકલ ભાષામાં કોન્ટેક્ટ ડિસ્કવરી ફ્લો કહેવાય છે. સરળ ભાષામાં સમજીએ તો આ એક ઓટોમેટેડ મશીનના જેમ હોય છે. રિસર્ચરોએ એક સ્ક્રિપ્ટ તૈયાર કરી. તેમા એક કલાકમાં કરોડો રેન્ડમ ફોન નંબરને વોટ્સએપના સર્વર પર પ્રિંગ કરાવાયા અને દરેક વખતે વોટ્સએપ યુઝર્સના ફોટોથી લઈને તેના એક્ટિવ સ્ટેટસ સુધીની ખબર પડી ગઈ. જે એ વાતનો પુરાવો છે કે નંબર અસલી છે અને ઉપયોગમાં છે. બ્લેક માર્કેટ અને ડાર્ક વેબમાં આવા એક્ટિવ નંબરો મોટી કિંમતે વેચાય છે. કોઈ એક વ્યક્તિ કોઈ એક રૂમમાં બેસીને તમારી જાણકારી વગર વિશ્વના કોઈપણ ખૂણામાં સક્રિય મોબાઈલ નંબરોની યાદી બનાવી શકે છે. તેના પછી ડાર્કવેબ પર વેચવામાં આવે છે અને સાઈબર ક્રિમિનલ્સ તેનો ફાયદો ઉઠાવે છે.

# શિક્ષકે ૧૦૦ ઉઠક-બેઠક સજા આપતા ૧૨ વર્ષની વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું

**શાળાએ આવવામાં થયો હતો ૧૦ મિનિટનો વિલંબ : આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પાલઘર, તા.૨૦**

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ખાનગી શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને શાળામાં પહોંચવામાં ૧૦ મિનિટનો વિલંબ થતાં કથિત રીતે ઉઠક-બેઠકની સજા આપવામાં આવી હતી. આ ઘટનાના લગભગ એક અઠવાડિયા પછી આ વિદ્યાર્થિનીનું મોત થઈ ગયું. વિદ્યાર્થિની ૧૨ વર્ષની હતી. આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. સારવાર દરમિયાન વિદ્યાર્થિના મોત બાદ પહેલા એડીઆર નોંધવામાં આવ્યુ હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તેના પરિવારની ફરિયાદના આધાર પર હવે શિક્ષિકા વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે.

વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર દિલીપ ઘુગેએ જણાવ્યું કે, ૮ નવેમ્બરના રોજ શિક્ષિકાએ ઘણા બાળકોને મોડા આવવા બદલ ૧૦૦ વખત ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી. આ ૧૨ વર્ષની વિદ્યાર્થિની પણ પોતાના ખભા પર બેગ લટકાવીને સજા પૂરી કરે છે. ઘરે પરત ફર્યા પછી છોકરીની તબિયત ઝડપથી બગડતી ગઈ. તેના પરિવારે તેને પહેલા વસઈની એક હોસ્પિટલમાં દાખલ કરી અને પછી જ્યારે તેની તબિયત વધુ ખરાબ થઈ ત્યારે તેને મુંબઈની જેજે હોસ્પિટલમાં રિફર કરવામાં આવી. જ્યાં ઘણા દિવસો સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ તેનું મોત થઈ ગયું.

**શું છે સમગ્ર મામલો?**

- મહારાષ્ટ્રના વસઈમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થિના શંકાસ્પદ મૃત્યુથી સ્થાનિક વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગને મુશ્કેલીમાં મૂકી દીધા છે.

- પરિવારના સભ્યોએ શાળાના વહીવટીતંત્ર પર બાળકીને પરેશાન કરવાનો આરોપ લગાવ્યો છે, જેના કારણે બાળકીનું મોત થયું.

- આ ઘટના વસઈ પૂર્વના સાતિવલી સ્થિત શ્રી હનુમાન વિદ્યા મંદિરની છે, જ્યાં શાળાએથી પાછા ફર્યા બાદ ધોરણ ૬માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી.

- આ ઘટના ૮ નવેમ્બરના રોજ બની હોવાની માહિતી મળી રહી છે. તે દિવસે વિદ્યાર્થિની શાળાએ થોડી મોડી પહોંચી હતી, જેના કારણે શિક્ષિકાએ તેને અને કેટલાક અન્ય વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલ બેગ સાથે ૧૦૦ ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી.

- વિદ્યાર્થિનીના મોત બાદ પરિવારે સ્કૂલ મેનેજમેન્ટ અને શિક્ષિકા પર ગંભીર આરોપો લગાવતા દાવો કર્યો કે સજાને કારણે જ અમારી પુત્રીનું મોત થયું છે. તેઓ આ મામલે કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

વિદ્યાર્થિનીની માતાએ જણાવ્યું કે, 'મારી દીકરી શાળામાં મોડી પહોંચી હતી, તેથી તેણે અન્ય કેટલાક વિદ્યાર્થીઓ સાથે ખભા પર બેગ લટકાવીને ઉઠક-બેઠક કરવી પડી. મારી દીકરીએ અમને એ નથી જણાવ્યું કે, તેણે કેટલી ઉઠક-બેઠક કરવી પડી. પરંતુ બાળકોના કહેવા પ્રમાણે કેટલાકે ૧૦૦, કેટલાકે ૫૦ અને કેટલાકે ૬૦ ઉઠક-બેઠક કરી હતી. મારી દીકરીએ પણ એવું જ કર્યું. જ્યારે મારી દીકરી સાંજે ૫:૦૦ વાગ્યે ઘરે આવી ત્યારે તેણે કહ્યું કે તેને પીઠમાં દુઃખાવો થઈ રહ્યો છે. જ્યારે મેં તેને પૂછ્યું, ત્યારે તેણે મને કહ્યું કે શું થયું હતું. ત્યારથી તેની સમસ્યાઓ વધતી ગઈ અને અંતે તેનું મોત થઈ ગયું. અમે પહેલા તેને આસ્થા હોસ્પિટલમાં દાખલ કરી જ્યાં ડોક્ટરોએ કહ્યું કે, અમે તેને દવા આપી રહ્યા છે, અને તે ઉઠક-બેઠકના કારણે ગભરાઈ ગઈ હતી. તેમણે મને એમ પણ કહ્યું કે તેની પીઠ જકડાઈ ગઈ છે અને તેને બીજી કોઈ બીમારી નથી.'

# CBSEએ જાહેર કરી ધો. ૧૦ બોર્ડની પરીક્ષાની માર્કિંગ ગાઈડલાઈન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૦**

**બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઘણી શાળાઓ ગુણ અપલોડ કરતી વખતે ઉતાવળ અથવા બેદરકાર હોય છે, જેના કારણે ભૂલો થાય છે**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ આગામી ૨૦૨૬ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ માટે એક મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. આ નોટિસમાં વિવિધ વિષયો માટે થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને ઈન્ટરનલ એસેસમેન્ટ (IA) ના ગુણની સંપૂર્ણ પેટર્ન સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે. આ સૂચના નવા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી છે, કારણ કે તે હવે સ્પષ્ટ કરે છે કે દરેક વિષયમાં ૧૦૦ ગુણ કેવી રીતે વિભાજિત કરવામાં આવશે અને દરેક વિભાગ માટે કેટલું ધ્યાન આપવાની જરૂર છે.

CBSE અનુસાર, દર વર્ષે ઘણી શાળાઓ પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અથવા ઈન્ટરનલ એસેસમેન્ટ માર્ક્સ અપલોડ કરતી વખતે ભૂલો કરે છે. આ ભૂલો વિદ્યાર્થીઓની અંતિમ માર્કશીટને અસર કરે છે અને વિદ્યાર્થીઓ પછીથી સુધારાની વિનંતી કરે છે. આ વખતે બોર્ડે શરૂઆતથી જ સ્પષ્ટ નિયમો જાહેર કર્યા છે, શાળાઓને કોઈપણ ભૂલો ટાળવા ચેતવણી આપી છે, કારણ કે તેઓ પછીથી સુધારા કરી શકશે નહીં.

બોર્ડે શાળાઓને આ સૂચના કાળજીપૂર્વક વાંચવા અને બધી સૂચનાઓનું કડક પાલન કરવા વિનંતી કરી છે. દરેક વિષયની યાદી પણ બહાર પાડવામાં આવી છે, જેમાં થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને ઈન્ટરનલ એસેસમેન્ટ માટે વ્યક્તિગત માર્ક્સનો સમાવેશ થાય છે.

નોટિસ મુજબ, બધા વિષયો માટેના ૧૦૦ ગુણને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે: થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને આંતરિક મૂલ્યાંકન. દરેક વિષય માટે દરેક વિભાગનું અલગ અલગ હોય છે, અને આ એક વિગત છે જે બોર્ડે આ વખતે ખાસ પ્રકાશિત કરી છે જેથી વિદ્યાર્થીઓ તે મુજબ તેમની તૈયારીનું આયોજન કરી શકે.

આ માહિતી વિદ્યાર્થીઓ માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે જો પ્રેક્ટિકલમાં કોઈ વિષયમાં વધુ વેઈટેજ હોય તો તૈયારી પદ્ધતિ બદલાય છે. નકશા કાર્ય, પ્રયોગશાળા કાર્ય, મોડેલો, મૌખિક પરીક્ષાઓ અને પ્રવૃત્તિઓના આધારે ગુણનું મહત્વ પણ વધે છે.

બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ઘણી શાળાઓ ગુણ અપલોડ કરતી વખતે ઉતાવળ અથવા બેદરકાર હોય છે, જેના કારણે ભૂલો થાય છે. આ વખતે બોર્ડે પહેલાથી જ શાળાઓને કોઈપણ ભૂલો ટાળવા માટે સૂચનાઓ જાહેર કરી છે, કારણ કે પછીથી ગુણ સુધારવાનો કોઈ વિકલ્પ રહેશે નહીં.

બોર્ડ એમ પણ જણાવે છે કે આ યાદીમાં દરેક વિષય માટે બાહ્ય પરીક્ષકની નિમણૂક કરવામાં આવશે કે નહીં તે સ્પષ્ટ કરવામાં આવશે. કેટલાક વિષયો માટે પ્રેક્ટિકલ બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવેલી ઉત્તરપત્રોનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે, જ્યારે અન્ય માટે, શાળાઓ પોતાની નકલોનો ઉપયોગ કરશે.

ઘણી વખત વિદ્યાર્થીઓ ફક્ત થિયરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આંતરિક મૂલ્યાંકનના ગુણને ઓછો અંદાજ આપે છે. જો કે, ઘણા વિષયોમાં IA માં ૨૦ થી ૩૦ ગુણ હોય છે, જે અંતિમ પરિણામ પર નોંધપાત્ર અસર કરે છે. વધુમાં પ્રોજેક્ટ વર્ક અને પ્રેક્ટિકલ પણ એકંદર સ્કોરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જો વિદ્યાર્થીઓને અગાઉથી ખબર હોય કે દરેક વિષયને કેટલું વેઈટેજ આપવામાં આવે છે તો તેઓ તેમની તૈયારીને સંતુલિત કરી શકે છે અને આખા વર્ષ દરમિયાન સારા માર્ક્સ માટે યોજના બનાવી શકે છે.

ગુણ વિતરણની સાથે CBSE એ વર્ષ ૨૦૨૫-૨૬ માટે સંપૂર્ણ અભ્યાસક્રમ પણ બહાર પાડ્યો છે. આ અભ્યાસક્રમ ૧૦મા બોર્ડ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી માટેનો આધાર બનાવે છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા સેમ્પલ પેપર પણ હવે ઉપલબ્ધ છે, જેમાં ફક્ત પ્રશ્નોના સ્તર જ નહીં પરંતુ માર્કિંગ સ્કીમનું પણ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ આ મોડેલ પેપર્સ ઉકેલીને તેમની તૈયારીનું મૂલ્યાંકન કરી શકે છે. આ સત્રમાં અભ્યાસક્રમ અને નમૂના પેપર બંને અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તે બોર્ડ પરીક્ષાના પ્રશ્નોનો આધાર બનશે.

# કેમ્પસે સુરતમાં નવા સ્ટોર લોંચ સાથે ગુજરાતમાં રિટેઇલ ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું

- આ નવો સ્ટોર ૬૬૫ ચોરસફૂટ વિસ્તારમાં ફેલાયેલા છે, જે કેમ્પસના આધુનિક અને ટ્રેન્ડ-ફૂટવેરનું નવીનતમ કલેક્શન રજૂ કરે છે
- ગ્રાહકો આકર્ષક ઓફર જેમકે '૨૪૯૯ કે તેથી વધુ કિંમતે ખરીદી કરો અને બેલાવિટા પરફ્યુમ વિનામૂલ્યે મેળવો, ૩૯૯૯ કે કેથી વધુ કિંમતે ખરીદી કરો અને બેકપેક વિનામૂલ્યે મેળવો વગેરેનો લાભ લઈ શકે છે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૦**

ભારતની અગ્રણી સ્પોર્ટ્સ અને એથ્લેઝર ફૂટવેર બ્રાન્ડ પૈકીની એક કેમ્પસે સુરત*માં તેના નવા એક્સક્લુઝિવ સ્ટોરની શરૂઆત કરીને ગુજરાતમાં રિટેઈલ ઉપસ્થિતિને મજબૂત કરી છે. આ વ્યૂહાત્મક વિસ્તરણ ગ્રાહક સુધીની પહોંચમાં વધારો કરવાની તથા બેજોડ ઓમ્ની-ચેનલ અનુભવ ડિલિવર કરવાની બ્રાન્ટની કટીબદ્ધતા સાથે સુસંગત છે.

આ નવો સ્ટોર ૬૬૫ ચોરસફૂટમાં ફેલાયેલાં છે, જે પુરુષો અને મહિલાઓ બંન્ને માટે સ્ટાઈલિશ અને ફંક્શનલ ફૂટવેર સહિત કેમ્પસના નવીનતમ કલેક્શનને રજૂ કરે છે. અહીં ગ્રાહકો સ્નીકર્સ, પર્ફોર્મન્સ શુઝ તેમજ મર્યાદિત આવૃત્તિ સાથે વૈવિધ્યસભર શ્રેણી જોઈ શકે છે. આ લોંચની ઉજવણી કરવા તથા મૂલ્ય-આધારિત ખરીદીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે કેમ્પસ આકર્ષક પ્રમોશન ઓફર કરી રહ્યું છે: '૨૪૯૯ કે તેથી વધુ કિંમતે ખરીદી કરો અને બેલાવિટા પરફ્યુમ વિનામૂલ્યે મેળવો, ૩૯૯૯ કે કેથી વધુ કિંમતે ખરીદી કરો અને બેકપેક વિનામૂલ્યે મેળવો. આ ઓફર ગ્રાહકોને બ્રાન્ડના હાઈ-ક્વોલિટી અને ઓન-ટ્રેન્ડ, ફેશનેબલ ફૂટવરનો અનુભવ કરવાની ઉત્તમ તક આપે છે.

આ પ્રસંગે કેમ્પસ એક્ટિવવેર લિમિટેડના સીઈઓ અને પૂર્ણકાલિન ડાયરેક્ટર નિખિલ અગ્રવાલે કહ્યું હતું કે, ''સુરતમાં સ્ટોરની શરૂઆત પ્રમુખ માર્કેટમાં અમારા વ્યૂહાત્મક વિસ્તરણમાં વધુ એક સીમાચિહ્ન છે. આ વિસ્તરણ ગ્રાહકોની પહોંચમાં વધારો કરવો અને ખરીદીનો સુવિધાજનક અનુભવ પ્રદાન કરવાની અમારી કટીબદ્ધતા દર્શાવે છે. અમે મજબૂત બજાર માગને જોતાં ભારતના પસંદગીના સ્પોર્ટ્સ અને એથ્લેઝર ફૂટવેર બ્રાન્ડ તરીકે અમારી ઓળખને મજબૂત કરવા અમારી વૃદ્ધિની યોજનાઓને વેગ આપી રહ્યાં છીએ. આ નવા સ્ટોર્સ મજબૂત ઓમ્ની-ચેનલ ઉપસ્થિતિની રચના કરવાની અમારી કટીબદ્ધતા સૂચવે છે, જેથી અમારા મૂલ્યવાન ગ્રાહકો સાથે જોડાઈ શકાય.''

હવે કેમ્પસ દેશભરમાં ૨૯૮ એક્સક્લુઝિવ રિટેઈલ આઉટલેટ્સનું સંચાલન કરે છે, જે બ્રાન્ડની ઝડપી અને વ્યૂહાત્મક વૃદ્ધિ દર્શાવે છે. આ સ્ટોરના ઉમેરા સાથે અગ્રણી માર્કેટમાં તાજેતરમાં સ્ટોરના પ્રારંભથી બ્રાન્ડની પહોંચમાં નોંધપાત્ર વધારો થયો છે તથા ગ્રાહકોના વિશાળ આધારની સુવિધા વધી છે.

કેમ્પસ સ્ટાઈલ અને કાર્યક્ષમતા બંન્ને ઈચ્છતા ટ્રેન્ડ પ્રત્યે જાગૃત ગ્રાહકો માટે પસંદગીના ડેસ્ટિનેશન તરીકે તેની ઉપસ્થિતિ મજબૂત કરવા ઉપર ધ્યાન આપી રહ્યું છે. તે યુવાનોને ફેશન પસંદગીઓ દ્વારા અભિવ્યક્તિ માટે પ્રેરણા આપે છે.

ગ્રાહકો તમામ દિવસ સ્ટોરની મુલાકાત લઈ શકે છે. કેમ્પસના શુઝ www.campusshoes.com ઉપર તથા ઈ-કોમર્સ ફેશન અને માર્કેટ પ્લેસ ઉપર પણ ઉપલબ્ધ છે.

*સ્ટોરનું સરનામું ફ્લેટ નંબર: જી-૧૨ અને ૧૩, મધુરમ આર્કેડ, ખરવાસા રોડ, મધુરમ સર્કલ પાસે, ડીંડોલી, સુરત, ગુજરાત - ૩૯૪૨૧૦.

# ગીર સોમનાથના તાલાલામાં બે દિવસમાં ત્રણ ભૂકંપના આંચકા : લોકોમાં ભયનો માહોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગીર સોમનાથ, તા.૨૦**

ગીર સોમનાથના તાલાલામાં છેલ્લા બે દિવસમાં ત્રણ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. ૧૯ અને ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સતત બે દિવસમાં ત્રણ ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી અંદાજે ૧૪ કિલોમીટર દૂર નોંધાયું હતું. ભૂકંપની ઘટનામાં કોઈ જાનહાનિ ન થઈ હોવાનું સામે આવ્યું છે.

ગુજરાતની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા(ISR) મુજબ, ગીર સોમનાથના તાલાલામાં ગત ૧૯ નવેમ્બરે, સવારે ૦૬:૧૨ વાગ્યે ૨.૭ તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જ્યારે બીજી દિવસે એટલે કે ૨૦ નવેમ્બરના રોજ વારાફરતી બે ભૂકંપના આંચકા આવ્યા હતા.

ISR અનુસાર, ગીર સોમનાથના તાલાલામાં ૨૦ નવેમ્બરે બપોરે ૦૨:૨૯ વાગ્યે ૨.૯ તીવ્રતાનો અને ૦૨:૫૩ વાગ્યે ૩ તીવ્રતાનો ભૂકંપ નોંધાયા છે. અચાનક ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

# એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ મલ્ટી-એસેટ એક્ટિવ ફંડ ઓફ ફંડ લોન્ચ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૦**

એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ મલ્ટી-એસેટ એક્ટિવ ફંડ ઓફ ફંડ (ફંડ ઓફ ફંડ) ના લોન્ચની જાહેરાત કરી છે. આ એક ઓપન-એન્ડેડ ફંડ ઓફ ફંડ સ્કીમ છે જે ઈક્વિટી-લક્ષી અને ડેટ-લક્ષી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ અને કોમોડિટી-આધારિત ઈટીએફના યુનિટમાં રોકાણ કરે છે.

આ લોન્ચ અંગે એક્સિસ એએમસીના એમડી અને સીઈઓ બી ગોપકુમારે જણાવ્યું હતું કે, ''એક્સિસ મલ્ટી-એસેટ એક્ટિવ ફંડ ઓફ ફંડ વિવિધ પ્રોડક્ટ્સને મેનેજ કરવાની જટિલતા વિના ડાયવર્સિફિકેશન ઇચ્છતા રોકાણકારો માટે વન-સ્ટોપ સોલ્યુશન છે. ડાયનેમિકલી મેનેજ્ડ સ્ટ્રક્ચરમાં ઈક્વિટી, ડેટ અને કોમોડિટીઝને જોડીને, અમારું લક્ષ્ય રોકાણકારોને બજાર ચક્રમાં અસરકારક રીતે આગળ વધવામાં, જ્યારે અસ્થિરતા ઘટાડવા અને રિસ્ક-એડજસ્ટેડ વળતર વધારવામાં મદદ કરવાનો છે.''

ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલશે અને ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. ફંડ મેનેજર્સઃ શ્રી શ્રેયશ દેવળકર, શ્રી દેવાંગ શાહ, શ્રી મયંક હ્યાંકી, શ્રી આદિત્ય પગારિયા. ન્યૂનતમ અરજીની રકમઃ રૂ.૧૦૦ અને ત્યારબાદ રૂ. ૧/- ના ગુણાંકમાં. એક્ઝિટ લોડઃ જો ફાળવણી તારીખથી ૧૨મહિનાની અંદર રિડીમ / સ્વિચ-આઉટ કરવામાં આવે તોઃ રોકાણના ૧૦ટકા માટેઃ શૂન્ય, બાકીના રોકાણો માટેઃ ૧ટકા, જો ફાળવણી તારીખથી ૧૨મહિના પછી રિડીમ / સ્વિચ-આઉટ થાય તોઃ શૂન્ય.

એક્સિસ મલ્ટી-એસેટ એક્ટિવ ફંડ ઓફ ફંડ રોકાણકારોને એક સમજદારીપૂર્વક બનાવેલા પોર્ટફોલિયોમાં ઈક્વિટી, ડેટ, સોનું અને ચાંદીના રોકાણને જોડીને મલ્ટી -એસેટ ડાયવર્સિફીકેશન માટે સિંગલ-વિન્ડો સોલ્યુશન પૂરું પાડવા માટે બનાવવામાં આવ્યું છે. આ ફંડનો ઉદ્દેશ્ય એક મજબૂત ક્વોન્ટિટેટિવ મોડેલ અને આંતરિક સમિતિના માર્ગદર્શન હેઠળ, એસેટ ક્લાસ અને થીમ્સમાં ગતિશીલ રીતે ફાળવણી કરીને લાંબા ગાળે મૂડીમાં વધારો કરવાનો છે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વલસાડની શાળાઓમાં સરદારને પત્ર સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

**પત્ર સ્પર્ધામાં ૪૦૭૬૭ અને ચિત્ર સ્પર્ધામાં ૧૨૭૮૯ વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભાના દર્શન કરાવ્યા**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.રાજેશ્રી એલ. ટંડેલના માર્ગદર્શન હેઠળ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ વલસાડ જિલ્લામાં ''સરદારને પત્ર'' સ્પર્ધા તેમજ ''ચિત્ર સ્પર્ધા''નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ''સરદારને પત્ર'' સ્પર્ધામાં આશરે ૪૦૭૬૭થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિશાળ ભાગીદારી નોંધાવી હતી. જ્યારે ''ચિત્ર સ્પર્ધા''માં આશરે ૧૨૭૮૯ વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરી હતી.

જિલ્લાની સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ, નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ અન્ય તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યેની ભાવના અને પ્રેરણાને પત્ર અને ચિત્ર માધ્યમ દ્વારા અભિવ્યક્ત કરી હતી. પત્રોમાં વિદ્યાર્થીઓએ સરદાર સાહેબના રાષ્ટ્રના એકીકરણ, અખંડતા, સ્વાવલંબન અને દેશપ્રેમના મૂલ્યોને સુંદર રીતે રજૂ કર્યા હતા. ચિત્ર સ્પર્ધામાં સરદાર સાહેબના જીવન પ્રસંગો, સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાષ્ટ્રની એકતા અને પ્રેરણાત્મક સંદેશો જીવંત રંગોથી દર્શાવવામાં આવ્યા હતા.

જિલ્લામાં તમામ શાળાઓમાં સ્પર્ધા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ હતી. બંને સ્પર્ધાઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી શાળા અને જિલ્લા સ્તરે વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. જિલ્લા શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના સર્જનાત્મક ભાવ, રાષ્ટ્રીય મૂલ્યો પ્રત્યેનો લગાવ અને સરદાર સાહેબ પ્રત્યેની ભાવસભર અભિવ્યક્તિની પ્રશંસા વ્યક્ત કરી હતી.

# વલસાડમાં યોજાયેલા ખેલમહાકુંભમાં સેગવીના દોડવીર પ્રિસ્તી પટેલે સોનેરી સફળતા મેળવી

**૧૦ વર્ષીય દોડવીર પ્રિસ્તીનો સંકલ્પ વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક્સમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવવાનો છે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ તાલુકાના સેગવી ગામની ૧૦ વર્ષીય તેજસ્વી દોડવીર પ્રિસ્તી પટેલે એક પછી એક ચાર મોટી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાનું ગામ, તાલુકો, જિલ્લો તથા સમગ્ર દક્ષિણ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં યોજાયેલા ખેલ મહાકુંભમાં પણ સિધ્ધિ મેળવી છે.

વલસાડની ખીમચંદ મૂળજી સ્કૂલ ખાતે સપ્ટેમ્બર માસમાં SGFI દ્વારા યોજાયેલી ૬૦૦ મીટરની દોડ પ્રીસ્તીએ માત્ર ૨ મિનિટ ૧૦ સેકન્ડમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. SGFI દ્વારા જિલ્લા સ્તર સ્પર્ધામાં પણ પ્રિસ્તી એ ફરી શ્રેષ્ઠ પ્રદર્શન કરી સતત બીજી વાર પ્રથમ ક્રમાંક મેળવી પોતાની ઝડપનો પરચમ લહેરાવ્યો હતો. દાહોદના દેવગઢ બારીયા ખાતે યોજાયેલી ગ્રામિણ ઓલિમ્પિકમાં પ્રિસ્તીએ અંડર-૧૬ કેટેગરીની ૨૦૦ મીટરની દોડ માત્ર ૩૨.૨૦ સેકન્ડમાં પૂર્ણ કરી દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. હાલમાં વલસાડની ખીમચંદ મૂળજી સ્કૂલ ખાતે નવેમ્બર માસમાં યોજાયેલા તાલુકા સ્તરના ખેલ મહાકુંભમાં ફરી એકવાર અંડર-૧૧ની કેટેગરીમાં ૫૦ મીટરની દોડમાં પ્રિસ્તીએ પોતાના ચમકદાર પ્રદર્શન દ્વારા પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ દોડ તેણીએ ૭ સેકન્ડ અને ૭૦ માઈક્રો સેકન્ડમાં પૂર્ણ કરી હતી. હવે આગામી તા. ૪ ડિસેમ્બરે કોલેજ ગ્રાઉન્ડ પર જિલ્લા લેવલે અંડર-૧૧ કેટેગરીમાં ફરીથી ૫૦ મીટર અને ૧૦૦ મીટરમાં દોડશે.

સેગવીની દોડવીર પ્રિસ્તી પટેલ હાલ આર.જે.જે સ્કૂલમાં ધો. ૫ માં અભ્યાસ કરે છે. નિયમિત પ્રેક્ટિસ, શિસ્તબદ્ધ વ્યાયામ અને ડાયેટને કારણે પ્રિસ્તી સતત સફળતા હાંસલ કરી રહી છે. તેનો સંકલ્પ વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકમાં ભારતને ગોલ્ડ અપાવવાનો છે. આ સિદ્ધિઓ પાછળ પ્રિસ્તીના પિતા અંકિત પટેલ, માતા, પરિવારજનો અને સેગવી ગામના લોકોનો સહયોગ તથા આશીર્વાદ પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.

# વલસાડ જિલ્લાની શાળાઓમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે પોસ્ટર સ્પર્ધા યોજાઈ

**વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના, સંગઠનશક્તિ અને સર્જનાત્મક પ્રતિભાનો વિકાસ થાય તે માટે પ્રયાસ**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ''સરદાર ૧૫૦'' બે વર્ષીય ઉજવણી કાર્યક્રમ અંતર્ગત વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના, સંગઠનશક્તિ અને સર્જનાત્મક પ્રતિભાનો વિકાસ થાય તે હેતુસર તા.૧૯/૧૧/૨૦૨૫ના રોજ જિલ્લા સ્તરની પોસ્ટર સ્પર્ધાનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાની સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ, નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ અન્ય કુલ ૨૪૫ જેટલી શાળાઓના ૩૯૨૪૫ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો. ''રાષ્ટ્રીય એક્તા - સરદાર પટેલની પ્રેરણા'' વિષયક પોસ્ટરોમાં વિદ્યાર્થીઓએ સરદાર સાહેબના એકતાના પુકાર, રાજ્ય એકીકરણની દ્રષ્ટિ, રાષ્ટ્રીય સુરક્ષા, સ્વચ્છ અને સશક્ત શાસન, ગ્રામ વિકાસ તથા રાષ્ટ્રનિર્માણ જેવા મૂલ્યોને કલાત્મક રીતે રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ રંગો, કલાત્મક અભિવ્યક્તિ, દ્દષ્ટિકોણ અને સર્જનાત્મક વિચારોથી સરદાર પટેલના અવિસ્મરણીય વ્યક્તિત્વને અનોખી રીતે મૂર્તિમાન કર્યું હતું. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિ, વિચારોની સ્પષ્ટતા, રાષ્ટ્રીય ભાવના, ટીમવર્ક તથા મૂલ્યઆધારિત શિક્ષણનો વિકાસ થાય તે હેતુ પૂર્ણ થયો હતો.

આ સમગ્ર આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના સૂચન અને માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. જિલ્લા સ્તરે પસંદગી પામેલા શ્રેષ્ઠ પોસ્ટરોને વિશેષ સન્માન આપવામાં આવશે તથા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવશે. વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ''સરદાર ૧૫૦'' ઉજવણી અંતર્ગત આગામી દિવસોમાં પણ વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન ચાલું રહેશે.

# કપરાડાના અરણાઈ કુન્ડા ધામણી રોડ પર બ્રિજ સહિત અનેક માર્ગોના વિકાસ કાર્યો ઝડપથી પ્રગતિ પર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**



વલસાડ જિલ્લામાં ગ્રામ્ય માર્ગ સુવિધાઓના વિસ્તરણ અને સુરક્ષા વધારવા માટે વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન પેટા વિભાગ કપરાડા દ્વારા વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે. જિલ્લાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનેક માર્ગોની સુધારણા તથા નવા સ્ટ્રક્ચર વર્કની કામગીરી શરૂ થઈ છે.

કપરાડાના સુખાલા પટેલ ફળિયા મેઈન રોડ થી રાધાસ્વામી હોલ-મંદરભાઈ માસ્ટર મહોલ્લા રોડ, અંભેટી બાંગિયા ફળિયા મેઈન રોડ થી મુકેશભાઈ અયતુલભાઈ પટેલની મહોલ્લા રોડ તેમજ મોટાપોંઢા મેઈન રોડ થી બરમબેડા રામુભાઈ છગનભાઈની ડેરી રોડ પર તથા તાલુકાના અન્ય માર્ગો કામગીરી પ્રગતિમાં છે. આ માર્ગો ગ્રામ્ય વાહનવ્યવહાર માટે મહત્વપૂર્ણ હોવાથી સ્થાનિકો માટે પ્રવાસ વધુ સુગમ બનશે. આ ઉપરાંત, અરણાઈ, કુન્ડા, ધામણી રોડ પર બ્રિજની કામગીરીને પણ વિભાગે ઝડપી ગતિ આપી છે. વરસાદી સિઝનમાં પાણીના પ્રભાવથી અવરોધિત થતું પરિવહન હવે બ્રિજ પૂર્ણ થયા પછી સુલભ બનશે. વિકાસ કાર્યો ઝડપથી પૂર્ણ કરી જનકલ્યાણને પ્રાથમિકતા આપવા જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ પ્રતિબદ્ધ છે.

# ધો.૧૦-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ૧૦૦% પરિણામ મેળવનાર કપરાડાની આનંદ નિકેતન શાળાનું સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં કપરાડા ખાતે બિરસામુંડાની ૧૫૦મી જન્મ જયંતીની જન જાતિય ગૌરવ દિવસ તરીકે થયેલી ઉજવણી પ્રસંગે કપરાડાની આનંદ નિકેતન પીએમ શ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ શાળાને વર્ષ ૨૦૨૪-૨૫માં વાર્ષિક પરિણામમાં ધો-૧૦, ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો. ૧૨ કોમર્સમાં ૧૦૦% પરિણામ મેળવ્યા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી અને જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજશ્રીબેન ટંડેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના ત્રણેય વર્ગના ૧૦૦ ટકા પરિણામની સિધ્ધિ માટે શાળાના મેનેજમેન્ટ, આચાર્યશ્રી, શાળાના શિક્ષકોની મહેનત અને માર્ગદર્શન ઉપયોગી નિવડ્યા હતા. જિલ્લા પંચાયત સભ્યશ્રી મિનાક્ષીબેન ગાંગોડા અને તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી હીરાબેન માહલાના હસ્તે શાળાની આ અનોખી સિધ્ધિ માટે શાળાના આચાર્યશ્રીને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કપરાડા જેવા અંતરિયાળ ગામમાં આવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર આનંદ નિકેતન પીએમ શ્રી ઈ. એમ. આર. એસ. પ્રથમ શાળા છે.

## વલસાડના પારનેરા ડુંગર પર

# રાજ્યકક્ષાની તૃતીય આરોહણ-અવરોહણ (સિનિયર) સ્પર્ધા યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને વલસાડ જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા આયોજીત રાજ્યકક્ષાની પારનેરા ડુંગર વલસાડ આરોહણ-અવરોહણ (સિનિયર) સ્પર્ધા આગામી ડિસેમ્બર અથવા જાન્યુઆરી માસમાં યોજાનાર છે.

આ સ્પર્ધામાં તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ ૧૯ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ જ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે જે-તે સ્થળ ખાતે સ્વ ખર્ચે આવવા જવાનું રહેશે. આ સ્પર્ધામાં ૧ થી ૧૦ ક્રમમાં પસંદગી પામનાર યુવક યુવતીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવામાં આવશે. શાળા-કોલેજમાં ભણતા યુવક યુવતીઓએ પ્રવેશપત્રમાં શાળા-કોલેજના સહી સિક્કા કરાવવા તેમજ ભણતા ન હોય તેવા સ્પર્ધકોએ ચેરીટી કમિશનરમાં નોંધાયેલ મંડળોના સહી-સિક્કા કરાવવા ફરજીયાત છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતીઓ એ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલીફોન એક્સચેન્જ ઓફીસ, પહેલો માળ, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, તા.જિ.વલસાડ ખાતેથી અરજી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી ઉપર મુજબના સરનામે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

# વલસાડ જિલ્લામાં ૨૪ નવેમ્બરથી રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ કાર્યક્રમનો પ્રારંભ થશે

**■ ત્રણ માસની અવધિ દરમિયાન જિલ્લાની કુલ ૫૯૬ શાળામાં ૨૯૦૭૬ વિદ્યાર્થીનીઓને ૩૬ કલાકની તાલીમ અપાશે ■ કન્યા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સજાગતા અને સુરક્ષા જાગૃતિનો વિકાસ કરવા શિક્ષણ વિભાગનો સ્તુત્ય પ્રયાસ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ જિલ્લામાં તા. ૨૪/૧૧/૨૦૨૫થી ''રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ'' કાર્યક્રમનો પ્રારંભ થશે. ત્રણ મહિનાની અવધિ દરમિયાન દરેક કન્યા વિદ્યાર્થીનીને કુલ ૩૬ કલાકનું આત્મરક્ષા પ્રશિક્ષણ આપવામાં આવશે. જિલ્લાની કુલ ૫૯૬ શાળાઓની ૨૯૦૭૬ કન્યા વિદ્યાર્થીનીઓને સ્વ-રક્ષણ તાલીમનો લાભ મળશે. ૫૯૬ શાળાઓમાં ૫૨૯ ઉચ્ચ પ્રાથમિક શાળા, ૫૫ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા અને ૧૨ પીએમશ્રી શાળાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટેના આયોજન બાબતે સમગ્ર શિક્ષા વલસાડ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં સંકલન મીટિંગ યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તાલીમની ગુણવત્તા જાળવવા, અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા તેમજ જિલ્લા સ્તરે મજબૂત મોનિટરિંગ કામગીરી માટે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એલ. ટંડેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્તરે જરૂરી અમલીકરણનું માર્ગદર્શન આપશે, જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવા પ્રાથમિક શાળાઓની પ્રવૃત્તિઓની સુવ્યવસ્થિત અમલવારી સુનિશ્ચિત કરશે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કન્યા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સજાગતા અને સુરક્ષા જાગૃતિનો વિકાસ કરવાનો છે, જેથી આપત્કાલિન પરિસ્થિતિઓમાં તેઓ સ્વ-રક્ષણ કૌશલ્યનો આત્મવિશ્વાસપૂર્વક ઉપયોગ કરી શકે. જિલ્લા તંત્ર, શિક્ષણ વિભાગ તથા તમામ શાળાઓના સંકલિત પ્રયત્નોથી આ કાર્યક્રમ જિલ્લાભરમાં સફળતાપૂર્વક અમલમાં આવશે.

# ધરમપુરના આવધામાં ખેડૂતોને સ્વદેશી વસ્તુ અપનાવવા શપથ લેવડાવવામાં આવી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

ધરમપુર તાલુકાના આવધા અને તુતરખેડ ગામમાં નેશનલ મિશન હેઠળ પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આવધા ખાતે તાલીમમાં ક્લસ્ટર સુપરવાઈઝર મયંક પટેલ અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન ગમનભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. તુતરખેડમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન કમલેશભાઈ અને કૃષિ સખી નીરૂબેન દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદાન અને મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને સમજણ આપવામાં આવી હતી. વધુમાં પ્રાકૃતિક ખેતી કરવાથી થતા ફાયદા વિશે સમજણ આપવામાં આવી હતી. BRC યુનિટ પરથી જીવામૃત અને ઘનજીવામૃત ખરીદવા માટે ખેડૂતોને કહ્યું હતું, સાથે સાથે ખેડૂતો પાસે રોજિંદા જીવનમાં વધુમાં વધુ ભારતીય વસ્તુઓનો ઉપયોગ કરવા માટે જણાવ્યું અને આયાતી વસ્તુઓને બદલે વૈકલ્પિક એવી સ્વદેશી વસ્તુઓને અપનાવવાની સ્વદેશી શપથ લેવડાવવામાં આવી હતી.

# ધરમપુરના પિંડવળ ગામમાં સ્વદેશી અપનાવવા ખેડૂતોને માર્ગદર્શન અપાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા ધરમપુર તાલુકાના પિંડવળ ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન શૈલેષભાઈ અને કૃષિસખી પ્રવિણાબેન દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદાન અને મિશ્ર પાક પદ્ધતિ વિશે સમજણ આપી રાસાયણિક ખાતરને તિલાંજલી આપવા હિમાયત કરી હતી. આ સાથે જ સ્વદેશી અપનાવવા અંગે પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી.

# વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા તા. ૨૩ નવેમ્બરે આયુષ મેળો અને મેગા કેમ્પ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય તથા નિયામકશ્રી આયુષ્યની કચેરી, ગાંધીનગરના નિર્દેશન હેઠળ વલસાડ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાન અંતર્ગત તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ પારડી તાલુકામાં ને.હા.નં. ૪૮ પર જુની મામલતદાર કચેરીની બાજુમાં ધીરૂભાઈ નાયક હોલમાં સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી આયુષ મેળો અને મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિઃશુલ્ક મફત આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કરવામાં આવશે. જેમાં આયુર્વેદ અને હોમિયોપથી પધ્ધતિ દ્વારા વિવિધ રોગોનું નિદાન અને સારવાર તેમજ જરૂરી માર્ગદર્શન સ્થળ પર નિઃશુલ્ક આપવામાં આવશે. સંધિવાત અને સ્નાયુના રોગોમાં તુરંત લાભદાયક એવી પંચકર્મ સારવાર આપવામાં આવશે. ડાયાબિટીસ અને આહાર વિહાર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. મેદસ્વિતા મુક્ત ભારત અભિયાન અંતર્ગત મેદસ્વિતાને લગતા યોગ પ્રાણાયામની જાણકારી આપવામાં આપવામાં આવશે.

# જેને પરમપદની પ્રાપ્તિ થઈ છે તેનાં લક્ષણો કેવાં હોય છે?

**અમૂઢ માણસો અવ્યય (અવિનાશી) પદને પ્રાપ્ત કરે છે, જેને માનની અપેક્ષા નહીં, જેને મોહ નહીં, તે અમૂઢ છે, શરીરમાં હું મારાપણું થવાથી જ માન આદર અને સત્કારની ઈચ્છા થાય છે, શરીર સાથે પોતાનો સંબંધ માનવાના કારણે જ મનુષ્ય શરીરના માન આદરથી ભૂલથી પોતાનાં માન આદર માની લે છે અને ફસાઈ જાય છે જે ભક્તોનું ફક્ત ભગવાનમાં પોતાપણું હોય છે તેઓનું શરીરમાં હું મારાપણું રહેતું નથી, આથી તેઓ શરીરના માન આદરથી પ્રસન્ન થતા નથી, ભગવાનના શરણે થતાં તેઓનો શરીર સાથે મોહ રહેતો નથી પછી માન આદરની ઈચ્છા કેવી રીતે થાય..?**

જે મહાપુરૂષોને આદિ પુરૂષ પરમાત્માના શરણે જઈને પરમપદની પ્રાપ્તિ થઈ છે તેઓનાં લક્ષણોનું વર્ણન કરતાં ભગવાન ગીતા(૧૫/૫)માં કહે છે કે...,

નિર્માનમોહા જીતસંગ દોષા અધ્યાત્મનિત્યા વિનિવૃતકામાઃ

દ્વંદ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્..

'જેઓ માન અને મોહથી રહિત થઈ ગયા છે, જેઓએ આસક્તિથી થવાવાળા દોષને જીતી લીધા છે, જેઓ નિત્ય નિરંતર પરમેશ્વરમાં જ લાગેલા છે, જેઓ પોતાની દ્રષ્ટિએ તમામ કામનાઓથી રહિત થઈ ગયા છે, તેઓ સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી મુક્ત થઈ ગયા છે એવા (ઊંચી સ્થિતિવાળા) મોહ રહિત ભક્તો તે અવિનાશી પરમપદ (પરમાત્મા)ને પ્રાપ્ત થાય છે.'

આ શ્લોકમાં પ્રભુ પરમેશ્વરને ગમતા માણસોનું વર્ણન છે. અમૂઢ માણસો અવ્યય (અવિનાશી) પદને પ્રાપ્ત કરે છે. જેને માનની અપેક્ષા નહીં, જેને મોહ નહીં, તે અમૂઢ છે. શરીરમાં હું મારાપણું થવાથી જ માન આદર અને સત્કારની ઈચ્છા થાય છે. શરીર સાથે પોતાનો સંબંધ માનવાના કારણે જ મનુષ્ય શરીરના માન આદરથી ભૂલથી પોતાનાં માન આદર માની લે છે અને ફસાઈ જાય છે. જે ભક્તોનું ફક્ત ભગવાનમાં પોતાપણું હોય છે તેઓનું શરીરમાં હું મારાપણું રહેતું નથી. આથી તેઓ શરીરના માન આદરથી પ્રસન્ન થતા નથી. ભગવાનના શરણે થતાં તેઓનો શરીર સાથે મોહ રહેતો નથી પછી માન આદરની ઈચ્છા કેવી રીતે થાય..?

આ શ્લોકમાં સાધકની યોગ્યતા બતાવાઈ છે. આવું પદ કોણ પ્રાપ્ત કરી શકે? અહીં જેણે ઘરબાર, પરિવાર, પત્નીનો ત્યાગ કર્યો છે તેવું નથી લખ્યું, આવું બધું કર્યા પછી પણ માનમોહ ત્યજાતો નથી. રાગીઓ કરતાં ત્યાગીઓને માનમોહ વધારે હોય છે! સંસારીઓ ધનસત્તા માટે લડતા ઝઘડતા હોય છે અને ત્યાગીઓ માનપ્રતિષ્ઠા માટે ઝઘડતા હોય છે. બધાનું મૂળ મોહ છે તો શું માન હોય જ નહિ? હોય, સ્વમાન હોય. પોતે જે માનનો હક્કદાર હોય, તે માન તેને જાણી કરીને આપવામાં ન આવે અને કોઈ તેનો વિરોધ કરે તો તે હક્કની લડાઈ છે. જો ત્યાગી તે હક્ક જતો કરે તો નિર્માનમોહ કહેવાય. આ ત્યાગ બે રીતે થાય છે. નમાલાપણાથી અર્થાત્ વિરોધ કરવાની હિંમત ન હોવાથી અને સાચી નમ્રતાથી.

ગીતા ભલે યુદ્ધનો ગ્રંથ હોય તો પણ તેનો પ્રાણ તો મોક્ષ જ છે એટલે તે વારંવાર પરમપદ, પુનઃ જન્મનો અભાવ, નિર્વાણ, મોક્ષ, પરમધામ વગેરેની વાતો કરે છે. આ શ્લોકમાં પણ પુનરાવર્તન ન થાય તેવા પદની વાત કરે છે. આ સંસારરૂપી વૃક્ષ બે પ્રકારનું છેઃ એક ઈશ્વરરચિત અને બીજું જીવરચિત. જે ઈશ્વરરચિત છે તેને છેદી ન શકાય. તેને છેદવાની જરૂર પણ નથી. ઈશ્વરરચિત જગત લોકોને બહુ નડતું નથી. જીવને નડે




છે પોતાનું રચેલું જગત. જીવાત્માએ રચેલા જગતનું મૂળ મોહ છે. મોહમાંથી વિશાળ વૃક્ષ પેદા થાય છે.

એક ઉદાહરણ પર્યાપ્ત થશે. ઈશ્વરે સ્ત્રી રચી. મનુષ્યે તેમાં કામિની, ભામિની, સુંદરીની રચના કરી. મનુષ્યે તેમાં પત્ની, માતા, બહેન વગેરેની રચના કરી. આ માનવીય સૃષ્ટિ થઈ. આવું જ પિતા, ભ્રાતા, બંધુ, શત્રુ, મિત્ર વગેરેની રચના કરી. માનવીય જગત સંબંધ આધારિત છે. સંબંધોનું જગત વધુ સુખ-દુઃખ આપે છે. તેમાંથી મુક્ત થવાથી મોક્ષનિર્વાણ પ્રાપ્ત થાય છે. આ જીવસંસાર છે. આ અશ્વત્થને અસંગ શસ્ત્રથી છેદી નાખીને




પછી પેલું પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું પદ શોધવાનું છે.

ભગવાનમાં આકર્ષણ થવું એ પ્રેમ અને સંસારમાં આકર્ષણ થવું એ આસક્તિ કહેવાય છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિ કહેવાય છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિના કારણે જ થાય છે. ભક્તો નિત્ય નિરંતર ભગવાનમાં જ સ્થિત રહે છે. ભક્તોની તમામ કામનાઓ નષ્ટ થઈ જાય છે. ભક્તો સુખ-દુઃખ, હર્ષ-શોક, રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વોથી રહિત થઈ જાય છે. કારણ કે, તેઓની સામે જે અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ આવે છે તેને તે ભગવાનનો જ આપેલો પ્રસાદ માને છે. આવવા-જવાવાળા પદાર્થોને પ્રાપ્ત કરવાની ઈચ્છા કે ચેષ્ઠા કરવી તથા તેમનાથી સુખી- દુઃખી થવું એ મૂઢતા છે. મૂઢતા (મોહ) બે પ્રકારનો હોય છે, પરમેશ્વરની તરફ ન લાગીને સંસારમાં જ લાગી જવું અને પરમેશ્વરને સારી રીતે ન જાણવા.

ફક્ત ભગવાનના શરણે રહેવાથી ભક્તોની અહંતા બદલાઈ જાય છે. હું ભગવાનનો છું અને ભગવાન મારા છે. હું સંસારનો નથી અને સંસાર મારો નથી, આવું માનવાથી નિરંતર તેમની સ્થિતિ ભગવાનમાં જ રહે છે. ભક્તોનો અનુભવ હોય છે કે શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ અને મારાપણું આ બધાં ભગવાનનાં છે. કામનાઓની પૂર્તિ ક્યારેય થતી જ નથી. એક કામનાની પૂર્તિ થાય ત્યાં બીજી કામના ઉત્પન્ન થાય છે. આથી કામનાઓની નિવૃત્તિ જ પરમશાંતિનો ઉપાય છે. સાંસારીક ભોગ પદાર્થો મળવાથી સુખ થાય છે એવું માની લેવાથી જકામના પેદા થાય છે.

ભક્તો સુખ-દુઃખ હર્ષશોક રાગદ્વેષ વગેરે દ્વંદ્વોથી રહિત થઈ જાય છે, કારણ કે તેમની સામે અનુકૂળ-પ્રતિકૂળ જે પણ પરિસ્થિતિ આવે છે તેને તે ભગવાનનો પ્રસાદ માને છે.

પરમાત્માની જાણકારી માટેનો ઉપાય બતાવતાં ગુરૂદેવ નિરંકારી બાબા પોતાના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહે છે કે, વિના દેખે મનના માને મન માન્યા વિના પ્રેમ નહીં, પ્રેમ વિના ના ભક્તિ થાયે ભક્તિ વિના ઉધ્ધાર નહીં, ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે, ગુરૂ વિનાની ભક્તિ નકામી જીવન વ્યર્થ ગુમાવે છે, પુરા ગુરૂના ચરણોમાં આવી ઈશ્વરની ઓળખાણ કરો. 'અવતાર' ગુરૂની કૃપા દ્રષ્ટિથી જીવનનું કલ્યાણ કરો. (અવતારવાણીઃ૭૮)

તો આવો વર્તમાન સમયના ક્ષોત્રિય(ક્ષૌત્રિય એટલે જેને શ્રુતિ એટલે કે વેદોના સાર તત્ત્વનું જ્ઞાન છે. જેને બ્રહ્માનુભૂતિ કરેલ છે અને બ્રહ્મમાં એક નિષ્ઠા છે. પરમાત્મા તત્ત્વનું જેને દર્શન કરેલ છે.) બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સદ્ગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના શ્રી ચરણોમાં સમર્પિત થઈ એક પ્રભુ પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરી, પ્રભુનાં દર્શન કરી આલોક અને પરલોકને સુખી બનાવીએ.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# માત્ર ને માત્ર પોતાનું જ શાસન ટકાવી રાખવા મતદારોને લલચાવવાનું 'રેવડી કલ્ચર' ટૂંકી બુદ્ધિનું પ્રદર્શન

## 'રેવડી કલ્ચર'નો જોરશોરથી વિરોધ કરનારાઓ જ વહેંચી રહ્યા છે મફતમાં રેવડી

દેશમાં મતદારોને લલચાવવા અને મત પોતાની તરફેણમાં કરવા 'મફતમાં વહેંચવા'(રેવડી કલ્ચર)ની પ્રથા ભારતીય રાજકારણની કડવી વાસ્તવિકતા બની ચૂકી છે અને આ પ્રકારની યોજનાઓને કારણે ૧૩ રાજ્યની તિજોરીઓ પર વધારાની તાણ આવી રહી છે અને અનિવાર્ય કાર્યો તથા આ યોજનાઓ માટેની વહેંચણી પછી માત્ર ૩૦ ટકા રકમ જ વિકાસકાર્યો માટે બચતી હોવાનું પી.આર.એસ. લેજિસ્લેટિવ રિસર્ચના હાલના અભ્યાસમાં સામે આવ્યું છે. પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહાર જેવાં ૧૩ રાજ્યનો ખર્ચ તેમની આવક કરતાં વધુ હોવાની ચોંકાવનારી વાત આ અહેવાલથી પ્રકાશમાં આવી છે. સરકારી કર્મચારીઓનું વેતન, પેન્શન તથા વ્યાજ અને કરજની રકમની ચૂકવણી જેવા અનિવાર્ય ખર્ચમાં 'રેવડી' યોજનાઓમાં થયેલા વધારાને કારણે રાજ્યના અર્થકારણમાં અનર્થ સર્જાઈ રહ્યો છે. આવામાં નિયમિત ખર્ચ માટે રાજ્યોએ નવેસરથી કરજ લેવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે. આવાં રાજ્યોમાં મહારાષ્ટ્ર અવ્વલ સ્થાને છે, એ બાબત ચિંતા ઉપજાવનારી છે. રાજકારણીઓ ચૂંટણી જીતવા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) હેઠળ સમાજના વિવિધ વર્ગોને દર મહિને ચોક્કસ રકમ આપવાની જાહેરાત કરે છે અને સત્તામાં આવ્યા બાદ આ વાયદાઓનો બોજ સરકારી તિજોરી પર પડે છે. આપવામાં હાલના સમયમાં મહિલા મતદારોને રીઝવવા માટે વિવિધ યોજનાઓ એકથી વધુ રાજ્યોમાં શરૂ કરાઈ છે. મહારાષ્ટ્રની 'લાડકી બહીણ યોજના' જેવી યોજનાઓ ચૂંટણી જીતવાનો શ્યોરશોટ માર્ગ સાબિત થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રકારની યોજનાઓ માટે 'મફતની રેવડી' એવો શબ્દ વહેતો કર્યો હતો, પણ ખુદ કેન્દ્ર સરકાર દેશના ૮૦ કરોડ નાગરિકને કોરોના કાળથી નિઃશુલ્ક રાશન આપે છે, કિસાન સન્માન નિધિ ઉપરાંત, નિઃશુલ્ક ઘરો તથા રાંધણગેસ જેવી અનેક યોજનાઓ ચલાવે છે, તો વિવિધ રાજ્યોમાં કલર ટીવીથી લઈને, લેપટોપ તથા સાઈકલ જેવી વસ્તુઓની લહાણી થાય છે. બિહારમાં તો ચૂંટણી દરમ્યાન એનડીએ તરફથી મુખ્યમંત્રી નીતીશ કુમાર અને ભાજપનું શાસન જ રહે તે માટે મહિલા મતદારોના ખાતાંમાં ૧૦-૧૦ હજાર જમા કરાવ્યા એનો જંગી બોજો સરકારી તિજોરી પર પડવાનો. આ 'રેવડી કલ્ચર' હવે ન્યૂયોર્ક સુધી પહોંચી ગયું છે અને નિઃશુલ્ક બસ પ્રવાસનું વચન અમેરિકાની આર્થિક રાજધાનીમાં પણ ચૂંટણી વિજયની ખાતરી બનવા લાગી છે. હાલમાં જ નાણાપ્રધાન નિર્મલા સીતારામને ચિંતા વ્યક્ત કરી હતી કે, મફત યોજનાઓને કારણે અનેક રાજ્યો મુશ્કેલીમાં છે અને તેમને કરજ લેવાનો વારો આવવાનો છે. લોકોનું કલ્યાણ એ કોઈ પણ સરકારનું પ્રથમ કર્તવ્ય હોય છે, આ સાથે જ રોજગારની તકો સાથે રોજગારક્ષમ માનવબળનું સર્જન પણ સરકારની જવાબદારી હોય છે, પણ આપણી સરકારો આમાં નિષ્ફળ નીવડી રહી હોવાનું જોવા મળે છે. આનું સાટું વાળવા અને સત્તા સુધી પહોંચવા માટે મફત યોજનાઓ ટૂંકો રસ્તો સાબિત થઈ રહી છે, પણ સાથે જ અત્યારની પરિસ્થિતિ જોતાં આ બાબત ટૂંકી બુદ્ધિ હોવાનું પણ પુરવાર થાય છે. લોકોને ઘરબેઠાં નાણાં આપવાની યોજનાઓ તથા તેના દ્વારા મત બેન્કનું સર્જન કરનારા રાજકારણીઓ ગમે તે પક્ષના હોય એ દેશનું અહિત કરી રહ્યા છે.

## માછલી ઉત્પાદનમાં ગુજરાત બીજા ક્રમે

# દરિયાકાંઠો બન્યો રાજ્યની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર

## ગુજરાતમાં ભારતનો સૌથી લાંબો દરિયા કિનારો આવેલો છે : ગુજરાતમાં આશરે ૧૬૦૦ કિમીનો દરિયા કિનારો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા. ૨૦:** દર વર્ષે ૨૧ નવેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત જેવા વિશાળ દરિયાઈ સીમા ધરાવતા દેશ માટે આ દિવસનું વિશેષ મહત્વ છે, અને તેમાંય જ્યારે વાત ગુજરાતની હોય, ત્યારે આ ઉજવણી વધુ ગૌરવપૂર્ણ બની જાય છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી ગુજરાતને ભારતના મત્સ્ય ઉદ્યોગનું પાવરહાઉસ માનવામાં આવે છે. મત્સ્ય ઉત્પાદનના ક્ષેત્રે ગુજરાત આજે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે, જ્યારે કુલ માછલી ઉત્પાદનમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. આટલું જ નહીં, ગુજરાતની ફ્રોઝન શ્રિમ્પ (ઝીંગા), રિબન ફિશ, કટલ ફિશ અને સ્ક્વિડની માંગ ચીન, યુરોપ, અમેરિકા અને જાપાન જેવા દેશોમાં પુષ્કળ છે. જેથી રાજ્યના મત્સ્ય ઉદ્યોગે વિદેશી હૂંડિયામણ કમાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પરિણામે, ગુજરાતનો દરિયાકાંઠો આજે રાજ્યની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર બન્યો છે. તાજેતરના આંકડાઓ મુજબ, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭.૬૪ લાખ મેટ્રિક ટન અને અંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨.૭૮ લાખ મેટ્રિક ટન મળીને ગુજરાતમાં કુલ ૧૦.૪૨ લાખ મેટ્રિક ટનથી પણ વધુ મત્સ્ય ઉત્પાદન નોંધાયું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વધીને ૧૧ લાખ મેટ્રિક ટનથી વધુ થવાનો પ્રાથમિક અંદાજ છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વાર્ષિક સરેરાશ ૯.૩૦ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું છે, જે રાજ્યની જળસંપત્તિની તાકાત દર્શાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે દરિયાકાંઠાના વિકાસને વેગ આપવા અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રની ક્ષમતાને ઓળખીને બ્લૂ ઈકોનોમીની ભારપૂર્વક હિમાયત કરી હતી. ગુજરાતમાં તેમણે નાખેલો મત્સ્યોદ્યોગનો મજબૂત પાયો આજે રાજ્યના વિકાસને ગતિ આપી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાતના દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં ઘણા અસરકારક પગલાં લીધાં છે. જેમાં ડીઝલ પર વેટમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલ પર સબસિડી, ઝીંગા ઉછેર માટે જમીનની ફાળવણી, માર્ગ અને વીજળીના માળખાનો વિકાસ તથા નાના માછીમારો માટે સુધારેલી બંદર સુવિધાઓનો સમાવેશ થાય છે. વધુમાં, માધવડ, નવા બંદર, વેરાવળ-૨ અને સૂત્રપાડા ખાતે ચાર નવા માછીમારી બંદરો પણ વિકસાવવામાં આવી રહ્યા છે. મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, સાગરખેડૂઓના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર માત્ર ઉત્પાદન વધારવા પર જ નહીં, પરંતુ માછીમારોના જીવનધોરણને સુધારવા માટે પણ સતત કાર્ય કરી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસોથી ગુજરાતમાં 'બ્લૂ ક્રાંતિ' સાકાર થઈ રહી છે. ગુજરાતની બ્લૂ ઈકોનોમી માત્ર રાજ્ય માટે જ નહીં, પણ આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટેનું પણ એક મજબૂત એન્જિન બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે પણ માછીમારી સમુદાયોના સામાજિક-આર્થિક કલ્યાણને સુનિશ્ચિત કરવા તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આધુનિકીકરણ, ટ્રેસેબિલિટીમાં સુધારો અને મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન પ્રણાલીનું નિર્માણ કરવા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધીમાં રૂ. ૮૯૭.૫૪ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે પણ ગુજરાતને રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે રાજ્યમાં મત્સ્યઉદ્યોગની પ્રવૃત્તિઓને નોંધપાત્ર વેગ આપશે.

# વૈશ્વિક આઉટસોર્સિંગમાં ફરી વૃદ્ધિની અપેક્ષાએ ફંડોએ સપ્તાહના ચોથા કારોબારી દિવસે ઈન્ડેક્સ બેઝડ આક્રમક તેજી કરી

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૫૧૮૬ સામે ૮૫૪૭૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૮૫૨૦૧ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૬૦૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૪૪૬ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫૬૩૨ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયો..!!!

**નિફટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફટી ફ્યુચર આગલા બંધ ૨૬૦૭૧ સામે ૨૬૧૩૬ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૬૦૭૨ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૧૯૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફ્યુચર ૧૪૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૬૨૨૦ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

સ્થાનિક/વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો..., આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) બબલને લઈ વિશ્વમાં ચિંતા, એનવિડીયાના નબળા પરિણામો સામે ભારતની અમેરિકા સાથે ટ્રેડ ડિલ થવાની અપેક્ષા અને આઈટી પ્રોફેશનલોની માંગને લઈ અમેરિકા એચ૧બી વીઝામાં ઢીલ મૂકે એવી શકયતા સાથે વૈશ્વિક આઉટસોર્સિંગમાં ફરી વૃદ્ધિની અપેક્ષાએ આજે ફંડોએ સપ્તાહના ચોથા કારોબારી દિવસે ઈન્ડેક્સ બેઝડ આક્રમક તેજી કરી હતી.

ભારત સરકાર દ્વારા ટેરિફને લઈ આત્મનિર્ભર ભારત પર ફોક્સ કરતી નીતિના એક પછી એક લેવાઈ રહેલા પગલાં પૈકી જીએસટી દરોમાં ફેરફાર તેમજ ભારતની ઔદ્યોગિક, આર્થિક વૃદ્ધિનો નવો અધ્યાય શરૂ થયો હોવાનું અને મેઈક ઈન ઈન્ડિયાના મિશનમાં કોર્પોરેટ ઈન્ડિયા ઉત્સાહભેર જોડાઈ ગયા હોઈ સ્થાનિક સંસ્થાકીય અને રિટેલ રોકાણકારોના વધતાં વિશ્વાસ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં વેચવાલી અટકી ખરીદી થતાં તેજીનું સેન્ટીમેન્ટ રહ્યું હતું.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ફેડરલ રિઝર્વની ઓક્ટોબરની મીટિંગની મિનિટ્સ પૂર્વે ડિસેમ્બરમાં યુએસ રેટ ઘટાડાની શક્યતા ઓછી થતા ગુરુવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં ઘટાડો નોંધાયો હતો, અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટ્યૂટના ડેટા મુજબ ૧૪ નવેમ્બરના સમાપ્ત થયેલા સપ્તાહમાં ક્રુડ ઓઈલની ઈન્વેન્ટરીસમાં ૪૪ લાખ બેરલ્સ વધીને આવતા ક્રુડ ઓઈલના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા.

**સેક્ટર મુવમેન્ટઃ-** બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૩% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૭% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર કંઝ્યુમર ડ્યુરેબલ્સ, ટેલિકોમ્યુનિકેશન, આઈ.ટી., ટેક, રિયલ્ટી, હેલ્થકેર અને ફોકસ્ડ આઈ.ટી. સેક્ટરમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૩૬૨ ટ્રેડીંગ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૩૦૪ અને વધનારની સંખ્યા ૧૮૭૨ રહી હતી, ૧૮૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૬ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૨ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

**સ્થાનિક અર્થવ્યવસ્થામાં જોવા મળતી સતત વૃદ્ધિ, મજબૂત વપરાશ માંગ, નિયંત્રિત મોંઘવારી અને જી.એસ.ટી. દરોમાં થયેલા ઘટાડા જેવા પરિબળો રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત બનાવી રહ્યા છે**

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૨.૨૮%, બજાજ ફિનસર્વ ૨.૨૫%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨.૦૧%, એચ.ડી.એફ.સી. બેંક ૧.૪૨%, ટેક. મહિન્દ્રા ૧.૨૯%, એક્સિસ બેન્ક ૧.૨૦%, ટ્રેન્ટ લિ. ૦.૭૭%, પાવર ગ્રીડ કોર્પોરેશન ૦.૭૪% અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૯% વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ ૧.૨૦%, એચસીએલ ટેક્નોલોજી ૧.૦૬%, ટાઈટન કંપની લિ. ૦.૮૦%, હિન્દુસ્તાન યુનિલિવર ૦.૪૮%, કોટક બેન્ક ૦.૪૩%, ટાટા સ્ટીલ ૦.૩૮%, સન ફાર્મા ૦.૩૫%, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ ૦.૩૨% અને ઈન્ફોસિસ લિ. ૦.૨૯% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફટી ફ્યુચરમાં ઉછાળા સાથે લાર્જકેપ શેરોમાં લેવાલીએ રોકાણકારોની સંપત્તિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૬૭ લાખ કરોડ વધીને ૪૭૬.૪૧ લાખ કરોડ રહ્યું હતું. એસ એન્ડ પી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૧૫ કંપનીઓ વધી અને ૧૫ કંપનીઓ ઘટી હતી.




**બજારની ભાવિ દિશાઃ-** મિત્રો, સ્થાનિક અર્થવ્યવસ્થામાં જોવા મળતી સતત વૃદ્ધિ, મજબૂત વપરાશ માંગ, નિયંત્રિત મોંઘવારી અને જી.એસ.ટી. દરોમાં થયેલા ઘટાડા જેવા પરિબળો રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત બનાવી રહ્યા છે. ગ્રામ્ય તથા શહેરી બંને તરફથી માંગ સ્થિર રહેતાં કોર્પોરેટ કમાણીમાં વધુ સુધારો થવાની ધારણા છે, જે બજારને નવા ઊંચાણ તરફ લઈ જઈ શકે છે. વૈશ્વિક પરિસ્થિતિ થોડી અસ્થિર હોવા છતાં ભારતનું આર્થિક પરિદ્રશ્ય અન્ય વિકસતા બજારોની સરખામણીએ વધુ મજબૂત દેખાઈ રહ્યું છે. સંવત ૨૦૮૨ની શરૂઆતથી જ બજારમાં આશાવાદી માહોલ જોવા મળી રહ્યો છે. મોંઘવારી નિયંત્રણમાં, વ્યાજદર સ્થિર રહેવા, કોર્પોરેટ કમાણી મજબૂત બનવા તથા સરકારના મૂડી ખર્ચમાં વધારો આ બધું મળીને બજારને સકારાત્મક દિશામાં આગળ ધપાવી રહ્યું છે.

મ્યુચ્યુઅલ ફંડ તથા રિટેલ રોકાણકારોની સતત ખરીદી બજારને નીચલા સ્તરેથી ટેકો આપતી રહી શકે છે. વૈશ્વિક રાજકીય પરિસ્થિતિમાં ખાસ કરીને અમેરિકન, ચાઈનીઝ અને રશિયન નીતિઓ બજારના મૂડને અસર કરશે, પરંતુ હાલના તબક્કે ભારત અન્ય ઉદયમાન અર્થતંત્રોથી વધુ સ્થિર દેખાઈ રહ્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે સેફ હેવન તરીકે ભારતની છબી મજબૂત બનતા વિદેશી ફંડોએ ફરીથી પ્રવાહ વધારવાની શક્યતા છે. તેથી, ટૂંકા ગાળામાં થોડો ઉતાર-ચઢાવ જોવાઈ શકે, પરંતુ મધ્યમ અને લાંબેગાળે ભારતીય બજારની દિશા તેજી તરફી રહેવાની સંભાવના છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાંથી ગિલ બહાર

## ટેસ્ટ સિરીઝ વચ્ચે બદલાયો ટીમ ઈન્ડિયાનો કેપ્ટન

**ડાબોડી વિકેટકીપર-બેટ્સમેન પંત કેપ્ટન તરીકે નિયુક્ત**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૨૦ :** ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝ ચાલી રહી છે. સિરીઝની બીજી મેચ ૨૨ નવેમ્બરથી શરૂ થશે. ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, ભારતીય કેપ્ટન શુભમન ગિલ તેની ગરદનની ઈજામાંથી બહાર આવ્યો નથી. પરિણામે, તે ગુવાહાટીમાં આગામી ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. ડાબોડી વિકેટકીપર-બેટ્સમેન પંત કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે.

કોલકાતામાં પ્રથમ ટેસ્ટ દરમિયાન શુભમન ગિલને ગરદનની ઈજા થઈ હતી. પ્રથમ ઈનિંગમાં માત્ર ત્રણ બોલ રમ્યા બાદ તે રિટાયર્ડ હર્ટ થયો હતો. તે બીજી ઈનિંગમાં બેટિંગ કરી શક્યો નહોતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ગિલ હવે બીજી મેચમાંથી પણ બહાર થઈ ગયો છે. ડોકટરો માને છે કે બીજી ટેસ્ટ રમવાથી જોખમ વધી શકે છે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બીજી ટેસ્ટમાંથી ગિલ બહાર થયા બાદ રિષભ પંત ટીમના કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે. વધુમાં ગિલના સ્થાને સાઈ સુદર્શન અથવા દેવદત્ત પડિકલનો વિચાર કરી શકાય છે. બંને ખેલાડીઓએ ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું છે. ગિલના બહાર થવાથી પડિકલ અથવા સુદર્શન પહેલી પસંદગી હોઈ શકે છે.

ભારતીય ટીમ કોલકાતામાં પ્રથમ મેચ ૩૦ રનથી હારી ગઈ. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ૫૫ ઓવરમાં ૧૫૯ રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમે પ્રથમ ઈનિંગમાં ૬૨.૨ ઓવરમાં ૧૮૯ રન બનાવીને ૩૦ રનની લીડ મેળવી. ત્યારબાદ દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગમાં ૫૪ ઓવરમાં ૧૫૩ રન બનાવ્યા, જેના જવાબમાં ભારતીય ટીમ ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. દક્ષિણ આફ્રિકાએ મેચ ૩૦ રનથી જીતી અને સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી છે.

## હરભજન સિંહે પાકિસ્તાની ક્રિકેટર સાથે મિલાવ્યો હાથ : વીડિયો વાયરલ

**અબુ ધાબી T10 ટુર્નામેન્ટ દરમિયાન હરભજન સિંહે પાકિસ્તાની ખેલાડી શાહનવાઝ દહાની સાથે હાથ મિલાવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અબુ ધાબી, તા.૨૦ :** હરભજન સિંહે પાકિસ્તાની ક્રિકેટર શાહનવાઝ દહાની સાથે મેચ દરમિયાન હાથ મિલાવ્યા બાદ વિવાદમાં ફસાઈ ગયો છે. આ ઘટના ૧૯ નવેમ્બરના રોજ અબુ ધાબીમાં રમાયેલી T10 મેચ દરમિયાન બની હતી. હરભજન સિંહે પોતે પાકિસ્તાન સાથે ક્રિકેટ સંબંધો ખતમ કરવાની હિમાયત કરી છે, તેથી તેના તાજેતરના વાયરલ વીડિયોએ હંગામો મચાવ્યો છે.

એશિયા કપ દરમિયાન ભારતીય ક્રિકેટરોએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યાનું ટાળ્યું હતું. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં હરભજન સિંહે એમ પણ કહ્યું હતું કે, ભારત-પાકિસ્તાન સંબંધો સુધાર્યા વિના ક્રિકેટ રમવી જોઈએ નહીં.

પરંતુ મેચ પછી હરભજને જે રીતે શાહનવાઝ દહાની સાથે હાથ મિલાવ્યા તેનાથી તેની કથની અને કરણીમાં તફાવત સ્પષ્ટપણે દેખાય છે. આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

૧૯ નવેમ્બરના રોજ યોજાયેલી મેચમાં હરભજન સિંહે એસ્પિન સ્ટેલિયન્સનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે શાહનવાઝ દહાની નોર્ધન વોરિયર્સ તરફથી રમ્યો હતો. વોરિયર્સે મેચ ૪ રનથી જીતી હતી.

મેચ પછી હરભજને નોર્ધન વોરિયર્સના બધા ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા અને આ દરમિયાન શાહનવાઝ દહાની પણ આગળ આવ્યો હતો અને તેની સાથે હાથ મિલાવ્યો હતો.

### સરફરાઝ અહેમદને કારણે સિલેક્ટર પદ છોડ્યું

## પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ! અઝહર અલીએ સિલેક્ટર પદ છોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૨૦ :** પાકિસ્તાનના પૂર્વ ટેસ્ટ કેપ્ટન અઝહર અલીએ નેશનલ સિલેક્શન કમિટિ અને યૂથ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ પદ પરથી રાજીનામું આપી દીધું છે.

અઝહરની નજીકના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું કે, 'PCBએ અચાનક સરફરાઝ અહેમદને પાકિસ્તાન શાહીન અને અંડર-૧૯ ટીમોનો સંપૂર્ણ ચાર્જ આપી દીધા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો. અઝહરે આ અઠવાડિયાની શરૂઆતમાં જ પોતાનું રાજીનામું મોકલી દીધું હતું અને બોર્ડે તેને સ્વીકારી પણ લીધું છે.'

૪૦ વર્ષીય અઝહર અલીએ પાકિસ્તાન માટે ૯૭ ટેસ્ટ મેચ રમી હતી. તે ગત વર્ષે જ સિલેક્ટર અને યૂથ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ બન્યા હતા, પરંતુ બોર્ડની લાલ ફિતાશાહી અને સ્લો પ્રોસેસથી તેઓ પરેશાન હતા.

સૂત્રોનું કહેવું છે કે, એકેડેમીમાં યુવા ખેલાડીઓના ગ્રુમિંગ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ યોજનાઓને આગળ ધપાવવામાં ન આવી, જેનાથી અઝહર ખૂબ નારાજ હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે જ્યારે બોર્ડે તેને જાણ કર્યા વિના શાહીન અને અંડર-૧૯ ટીમોની બધી જવાબદારી સરફરાઝને સોંપી દીધી ત્યારે અઝહરને લાગ્યું કે તેની ભૂમિકાનો મોટો ભાગ તેની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે. આ કારણે તેણે રાજીનામું આપી દીધું છે.

સરફરાઝ છેલ્લા કેટલાક સમયથી PCB સાથે મેન્ટોર અને ક્રિકેટ સલાહકારની ભૂમિકામાં હતો. હવે તેને બંને ટીમોનો સંપૂર્ણ ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. કોચના પ્રદર્શનથી લઈને પસંદગી, ટ્રેનિંગ કેમ્પ અને ટીમ સાથે ટ્રાવેલ કરવા સુધીના તમામ અધિકારો તેની પાસે જ રહેશે.

પાકિસ્તાન ક્રિકેટમાં તાજેતરના વર્ષોમાં ઘણા કોચ અને પૂર્વ ખેલાડીઓ જેમાં વિદેશી પણ સામેલ છે, જેઓ પોતાનો કોન્ટ્રાક્ટ પૂરો નથી કરી શક્યા. કાં તો તેઓ છોડીને ચાલ્યા ગયા અથવા તેમને હટાવી દેવામાં આવ્યા છે. તાજેતરનો કિસ્સો મહિલા ટીમના કોચ મોહમ્મદ વસીમનો છે, જેનો કોન્ટ્રાક્ટ PCB દ્વારા રિન્યુ કરવામાં નહોતો આવ્યો, કારણ કે ટીમ વર્લ્ડ કપમાં છેલ્લા સ્થાને રહ્યા બાદ આગળ નહોતી વધી શકી.

## આવતા વર્ષે યોજાનાર અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૦ :** ક્રિકેટને લઈને વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. ICCએ આવતા વર્ષના વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કરી દીધું છે. બધાની નજર ભારત અને પાકિસ્તાન ફરી એકવાર એકબીજા સામે ટકરાશે કે નહીં તેના પર હતી.

ICCએ આ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જો કે આ અંડર-૧૯ વનડે વર્લ્ડ કપ છે, ભારત-પાકિસ્તાન મેચ જ્યાં પણ થાય છે, તેનો અલગ જ ઉત્સાહ રહે છે.

ICC દ્વારા આવતા વર્ષે યોજાનાર અંડર-૧૯ વર્લ્ડ કપ માટે ચાર ગ્રુપ બનાવવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે ભારત અને પાકિસ્તાનને અલગ-અલગ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. આનો અર્થ એ છે કે ઓછામાં ઓછી બંને ટીમો લીગ સ્ટેજમાં એકબીજા સામે નહીં આવે. જો કે, શેડ્યૂલ અને ફિક્સ્ચર એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે બંને ટીમો આગામી રાઉન્ડમાં ટકરાશે તેવી શક્યતા વધુ છે.

આગામી વર્ષે જાન્યુઆરીમાં યોજાનારા વર્લ્ડ કપ નામિબિયા અને ઝિમ્બાબ્વેમાં રમાશે. આ ટુર્નામેન્ટની ૧૬મી સીઝન હશે. ODI ફોર્મેટમાં રમાતા આ વર્લ્ડ કપની પહેલી મેચ ૧૫ જાન્યુઆરીએ રમાશે, જેમાં ચેમ્પિયનનો નિર્ણય ૬ ફેબ્રુઆરીએ થશે. અગાઉની ટુર્નામેન્ટ ૨૦૨૪માં યોજાઈ હતી. આ વખતે આ ટુર્નામેન્ટમાં વિશ્વભરમાંથી કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. આ ૨૩ દિવસની ટુર્નામેન્ટમાં કુલ ૪૧ મેચ રમાશે.

**૪ ગ્રુપમાં કુલ ૧૬ ટીમો**

ગ્રુપ A : ભારત, બાંગ્લાદેશ, યુએસએ અને ન્યુઝીલેન્ડ
ગ્રુપ B : ઝિમ્બાબ્વે, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ
ગ્રુપ C : ઓસ્ટ્રેલિયા, આયર્લેન્ડ, જાપાન અને શ્રીલંકા
ગ્રુપ D : તાંઝાનિયા, વેસ્ટ ઈન્ડિઝ, અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા

**વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાનું શેડ્યૂલ**

૧૫ જાન્યુઆરી - ભારત vs યુએસએ, બુલાવાયો
૧૭ જાન્યુઆરી - ભારત vs બાંગ્લાદેશ, બુલાવાયો
૨૪ જાન્યુઆરી - ભારત vs ન્યુઝીલેન્ડ, બુલાવાયો

### નવા મંત્રીમંડળમાં ૨૬ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો

# નીતિશ કુમારે રચ્યો ઈતિહાસ, ૧૦મી વખત લીધા મુખ્યમંત્રી પદના શપથ




**પ્રધાનમંત્રી મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય NDA પક્ષોના અસંખ્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૨૦**

નીતિશ કુમાર ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા છે. નીતિશ કુમારે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. રાજ્યપાલે નીતિશ કુમારને પદના શપથ લેવડાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નીતિશ કુમારે ગુરુવારે રેકોર્ડ ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. નીતિશના નવા મંત્રીમંડળમાં ૨૬ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમ્રાટ અને વિજય સતત બીજા કાર્યકાળ માટે નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. સ્ટેજ પર પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા અને અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય NDA પક્ષોના અસંખ્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. નીતિશ કુમારના શપથ ગ્રહણ સમારોહમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપરાંત, અન્ય ૨૬ મંત્રીઓએ શપથ લીધા હતા. નાયબ મુખ્યમંત્રીઓ સમ્રાટ ચૌધરી અને વિજય સિંહા ઉપરાંત શપથ લેનારાઓમાં વિજય ચૌધરી, વિજેન્દ્ર યાદવ, શ્રવણ કુમાર, મંગલ પાંડે, દિલીપ જયસ્વાલ, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સહની, નીતિન નવીન, રામ કૃપાલ, સંતોષ સુમન, સુનીલ કુમાર, જમા ખાન, સંજય સિંહ ટાઈગર, અરુણ શંકર, સુરેન્દ્ર મહેતા, નારાયણ પ્રસાદ, રામા નિષાદ, લખેન્દ્ર કુમાર રોશન, શ્રેયસી સિંહ, પ્રમોદ કુમાર, સંજય કુમાર, સંજય કુમાર સિંહ, અને દીપક પ્રકાશે મંત્રી પદના શપથ લીધા હતા.

નીતિશકુમારે કેબિનેટમાં પોતાની સાથે ભાજપ, જેડીયુ, એલજેપી-આર, એચએએમ અને આરએલએમના કુલ ૨૬ નેતાઓને મંત્રી બનાવ્યા છે. નીતિશ કેબિનેટમાં ભાજપના ૧૪, જેડીયુના ૮, લોજપા-આરના ૨, હમ અને રાલોમોના ૧-૧ મંત્રી બન્યા છે. આ ૨૬ મંત્રીઓમાં રાલોમો કોટાના દીપક પ્રકાશ કોઈ પણ સદનના સભ્ય નથી. ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશને વિધાન પરિષદમાં લઈ જવામાં આવશે. જીતનરામ માંઝીએ પણ તેમના પુત્ર સંતોષ સુમનને હમ કોટામાંથી ફરી મંત્રી બનાવડાવ્યા છે. ચિરાગ પાસવાને મહુઆથી મુકેશ રૌશન તથા તેજ પ્રતાપ યાદવને હરાવનારા સંજયકુમાર સિંહ તથા બખરીથી સીપીઆઈને હરાવીને આવેલા સંજય પાસવાનને મંત્રી બનાવડાવ્યા છે.

નોંધનીય છે કે, બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDA એ કુલ ૨૦૨ બેઠકો જીતી હતી. ભાજપે ૮૯ બેઠકો જીતી હતી. નીતિશ કુમારની જનતા દળ (યુનાઈટેડ) ૮૫ બેઠકો સાથે બીજા ક્રમે રહી હતી. ચિરાગ પાસવાનની લોકજનશક્તિ પાર્ટી (R) એ ૧૯ બેઠકો જીતી હતી. હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) એ પાંચ બેઠકો જીતી હતી, અને રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠકો જીતી હતી.

નીતિશકુમારની સાથે સાથે ભાજપ તરફથી સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા પણ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. પટણાના ગાંધી મેદાનમાં આ શપથ સમારોહનું આયોજન થયું. આ કાર્યક્રમમાં પીએમ મોદી અને એનડીએ શાસિત અનેક રાજ્યોના મુખ્યમંત્રી સહિત બિહારના અનેક જિલ્લાઓમાંથી લોકો પહોંચ્યા હતા. નીતિશકુમારની સાથે સાથે સરકારના ૨૬ મંત્રીઓ પણ શપથ લઈ રહ્યા છે. ભાજપના કોટામાંથી સરકારમાં બે ડેપ્યુટી સીએમ બન્યા છે. સમ્રાટ ચૌધરી અન વિજયકુમાર સિન્હાએ પણ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. નીતિશકુમારે આજે ગાંધી મેદાનમાં ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. શપથ લીધા બાદ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું.

નીતિશકુમારના શપથ ગ્રહણ સમારોહમાં દિગ્ગજ નેતાઓ સામેલ થયા છે. જેમાં પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, યુપીના સીએમ યોગી આદિત્યનાથ વગેરે પણ ગાંધી મેદાન પહોંચ્યા હતા. લેસી સિંહ, નીતિન નવીન, મદન સહની, રામકૃપાલ યાદવ, સુનીલકુમારે પણ મંત્રી પદના શપથ લીધા છે. આ ઉપરાંત જમા ખાન, સંજય સિંહ ટાઈગર, રમા નિષાદે મંત્રી પદના શપથ લીધા. જમા ખાન જેડીયુ વિધાયક છે. જ્યારે સંજય સિંહ ટાઈગર અને રમા નિષાદ ભાજપ કોટામાંથી મંત્રી બન્યા છે.



### નીતિશ કેબિનેટમાં સામેલ મંત્રીઓની યાદી

(સંપૂર્ણ સમાચાર સેવા) પટણા, તા.૨૦

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની પ્રચંડ જીત બાદ જેડીયુના નીતિશકુમારે આજે મુખ્યમંત્રી પદના શપથ લીધા. ભાજપના કોટામાંથી સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાએ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. નીતિશકુમાર આજે ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા.

- નીતિશકુમાર- મુખ્યમંત્રી- જેડીયુ
- સમ્રાટ ચૌધરી- નાયબ મુખ્યમંત્રી- ભાજપ
- વિજયકુમાર સિન્હા- નાયબ મુખ્યમંત્રી- ભાજપ
- વિજયકુમાર ચૌધરી- મંત્રી- જેડીયુ
- બિજેન્દ્ર પ્રસાદ યાદવ- મંત્રી - જેડીયુ
- શ્રવણકુમાર- મંત્રી- જેડીયુ
- મંગળ પાંડે- મંત્રી- ભાજપ
- દિલીપ જયસ્વાલ- મંત્રી- ભાજપ
- અશોક ચૌધરી- મંત્રી- જેડીયુ
- લેસી સિંહ- મંત્રી- જેડીયુ
- મદન સહની- મંત્રી- જેડીયુ
- નિતિન નવીન- મંત્રી- ભાજપ
- રામકૃપાલ યાદવ- મંત્રી- ભાજપ
- સંતોષ સુમન- મંત્રી- હમ
- સુનિલ કુમાર- મંત્રી- જેડીયુ
- મોહમ્મદ જમા ખાન- મંત્રી- જેડીયુ
- સંજય સિંહ ટાઈગર- મંત્રી- ભાજપ
- અરુણ શંકર પ્રસાદ- મંત્રી- ભાજપ
- સુરેન્દ્ર મહેતા- મંત્રી- ભાજપ
- નારાયણ પ્રસાદ- મંત્રી- ભાજપ
- રમા નિષાદ- મંત્રી ભાજપ-
- લખેન્દ્ર કુમાર રૌશન- મંત્રી- ભાજપ
- શ્રેયસી સિંહ- મંત્રી- ભાજપ
- પ્રમોદકુમાર- મંત્રી- ભાજપ
- સંજયકુમાર પાસવાન- મંત્રી- લોજપા-આર
- સંજયકુમાર સિંહ- લોજપા-આર
- દીપક પ્રકાશ- રાલોમો

## બેંગલુરુમાં ફિલ્મી સ્ટાઈલમાં રૂપિયા સાત કરોડની લૂંટ

**આ આખી લૂંટની કામગીરી એટલી કાળજીપૂર્વક રીતે કરવામાં આવી હતી કે તેમાં માત્ર અડધો કલાકનો સમય લાગ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેંગલુરુ, તા.૨૦**

કર્ણાટકની રાજધાની બેંગલુરુના રસ્તાઓ પર બુધવારે (૧૯મી નવેમ્બર) એક ચોંકાવનારી ઘટના બની હતી. પાંચથી છ જેટલા શખસોએ પોતાની જાતને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા(RBI)ના અધિકારીઓ તરીકે રજૂ કરીને એક બખ્તરબંધ કેશ વાનમાંથી ૭.૧ કરોડ રૂપિયાની માતબર રકમની ચોરી કરી હતી. આ આખી લૂંટની કામગીરી એટલી કાળજીપૂર્વક રીતે કરવામાં આવી હતી કે તેમાં માત્ર અડધો કલાકનો સમય લાગ્યો હતો.

અહેવાલો અનુસાર, બુધવારે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ CMS ઈન્ફો સિસ્ટમ્સની કેશ વાન HDFC બૅંકથી ત્રણ કેશ બોક્સ લઈને HBR લેઆઉટ તરફ જઈ રહી હતી. જયનગરમાં અશોક પિલર નજીક એક કારે વાનને અચાનક રોકી, જેની પાછળ એક ઈનોવા (MUV) પણ આવી ગઈ. કારમાંથી ત્રણ લોકો બહાર નીકળ્યા અને વાન સ્ટાફ ડ્રાઈવર વિનોદ કુમાર, કસ્ટોડિયન આફતાબ, અને બે બંદૂકધારી રાજન્ના અને તમૈયાને કહ્યું, અમે RBI અધિકારીઓ છીએ. તમારી કંપની પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે અને અમારા નિવેદનો લેવાના છે. સ્ટાફે શંકા ન થતાં તેમની રાઈફલો વાનમાં છોડી દીધી અને આરોપીઓ સાથે MUVમાં ચઢી ગયો. મોટી કારમાં આવેલા આરોપીઓએ સ્ટાફને જણાવ્યું કે તેમને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન જવું પડશે અને રોકડ પેટીઓ ઈડી ઑફિસમાં લઈ જવામાં આવશે. આરોપીઓએ સ્ટાફને પગપાળા સિદ્ધપુર પોલીસ સ્ટેશન મોકલ્યો. ડ્રાઈવર વિનોદને અલગ સૂચના મળી કે વાન લઈને ડેરી સર્કલ ફ્લાયઓવર પર રાહ જુઓ. ડ્રાઈવર વિનોદ રાહ જોઈ રહ્યો હતો ત્યારે આરોપીઓ ત્યાં પહોંચ્યા, બંદૂક બતાવીને વાનમાંથી રોકડ બોક્સ કાઢ્યા અને નજીકમાં પાર્ક કરેલી અન્ય કારમાં મૂકી દીધા. જે કારમાં તે આવ્યા હતા તે છોડીને આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. ડ્રાઈવરને ખ્યાલ ન આવ્યો કે તે અધિકારીઓ નહીં પણ લૂંટારુ હતા.

બેંગલુરુ પોલીસ કમિશ્નર સીમંત કુમાર સિંહે જણાવ્યું હતું કે CMS કંપનીએ ફરિયાદ દાખલ કરવામાં વિલંબ કર્યો, જેના કારણે સમયનો બગાડ થયો. આ કેસની તપાસ માટે આઠ ટીમો તૈયાર કરવામાં આવી છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે MUVના આગળના ભાગમાં ભારત સરકારનો લોગો હતો, જોકે તપાસમાં બહાર આવ્યું છે કે તેની નંબર પ્લેટ પણ નકલી હતી. પોલીસ લૂંટારુઓને પકડવા અને ૭.૧ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવા માટે સઘન તપાસ કરી રહી છે.

## ભારતને ૯૩ મિલિયન ડોલરના હથિયારોના વેચાણને અમેરિકાની મંજૂરી : ડિફેન્સ પાર્ટનરશિપ મજબૂત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૦**

ભારત અને અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવતા એક મહત્ત્વના નિર્ણયમાં અમેરિકાએ ભારતને આશરે ૯૩ મિલિયન ડૉલરના મૂલ્યના સંરક્ષણ હથિયારોના વેચાણને મંજૂરી આપી દીધી છે. આ મંજૂરીથી ભારતને અત્યાધુનિક જેવેલિન એન્ટી-ટેન્ક મિસાઈલો અને એક્સકેલિબર પ્રિસિઝન-ગાઈડેડ આર્ટિલરી રાઉન્ડનો નવો જથ્થો પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો થયો છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના વડાપ્રધાન અને આર્મી ચીફ દ્વારા ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને બગાડવાના ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. જોકે હવે પાકિસ્તાન મોઢું જોતું રહી ગયું છે અને ભારત અને અમેરિકા વચ્ચે ડીલ થઇ ગઈ છે. ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA) દ્વારા આ પ્રસ્તાવિત ટ્રાન્સફરની કોંગ્રેસને ઔપચારિક રીતે સૂચના આપી દેવામાં આવી છે. જેમાં ૧૦૦ FGM-148 જેવેલિન મિસાઈલો, ૨૫ હળવા કમાન્ડ લોન્ચ યુનિટ્સ (LCLU), ૨૧૬ એક્સકેલિબર આર્ટિલરી રાઉન્ડ્સ (આશરે ૪૭ મિલિયન ડૉલર)નો સમાવેશ થાય છે.

DSCAના નિવેદન અનુસાર, આ ડીલમાં લાઈફસાઈકલ સપોર્ટ, સલામતી નિરીક્ષણ, ઓપરેટર તાલીમ, લોન્ચ યુનિટ્સ માટે નવીનીકરણ સેવાઓ અને સંપૂર્ણ કાર્યકારી ક્ષમતા માટે જરૂરી અન્ય સંબંધિત તત્વોનો પણ સમાવેશ થાય છે. અમેરિકા દ્વારા આ હથિયારોના વેચાણનો ઉદ્દેશ્ય ભારતની સંરક્ષણ ક્ષમતાને વધારવાનો છે. આ ડીલ અમેરિકા-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે અને હાલના તેમજ ઉભરતા જોખમોનો સામનો કરવાની ભારતની ક્ષમતામાં વધારો કરશે. આ હથિયારોનું વેચાણ ભારતને તેના માતૃભૂમિ સંરક્ષણને મજબૂત બનાવવામાં અને પ્રાદેશિક જોખમોને રોકવામાં સુધારો કરશે. જેવેલિન મિસાઈલો અને એક્સકેલિબર રાઉન્ડ્સ ભારતીય સેનાની જમીન પરની લડાઈ ક્ષમતામાં ગુણાત્મક વધારો કરશે.

### સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય સુધારક સિંહનું થયેલું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૨૦**

ઉત્તર પ્રદેશના મઉ જિલ્લાની ઘોસી વિધાનસભા બેઠક પરથી સમાજવાદી પાર્ટી (SP)ના ધારાસભ્ય સુધાકર સિંહનું નિધન થયું છે. ૬૦ વર્ષીય સુધાકર સિંહને બે દિવસ પહેલા છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ લખનઉની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા. સમાજવાદી પાર્ટીએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર આ દુઃખદ સમાચારની જાણકારી આપી હતી.

તેમના નિધનથી સમાજવાદી પાર્ટી સહિત રાજ્યના રાજકીય વર્તુળોમાં શોકની લહેર વ્યાપી ગઈ છે. પાર્ટીએ 'X' પર લખ્યું, "ઘોસી વિધાનસભાના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય સુધાકર સિંહજીનું નિધન અત્યંત હૃદયવિદારક છે.

તેમના અકાળે અવસાનથી તેમના પરિવાર, સમર્થકો અને સમાજવાદી પાર્ટીને અપૂર્ણીય ક્ષતિ થઈ છે."

સુધાકર સિંહ એ જ નેતા હતા જેમણે ૨૦૨૨ની અત્યંત ચર્ચિત ઘોસી વિધાનસભા પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના દિગ્ગજ નેતા દારા સિંહ ચૌહાણને કાંટાની ટક્કરમાં હરાવીને જીત મેળવી હતી. આ જીતે પૂર્વાંચલ વિસ્તારમાં સમાજવાદી પાર્ટીને નવી મજબૂતી આપી હતી.

<u>છેલ્લા ૨૪ કલાકમાં રશિયાએ યુક્રેન પર ૫૨૪ હવાઈ હુમલા કર્યા</u>

# ૫૦૦થી વધુ ડ્રોન, ૪૮ મિસાઈલ, રશિયાએ યુક્રેનમાં તબાહી મચાવી

## રશિયાએ યુક્રેનના ત્રણ શહેરો પર એટલો વિનાશક હુમલો કર્યો કે આખો દેશ હચમચી ગયો : અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કિવ, તા.૨૦**

છેલ્લા ૨૪ કલાકમાં રશિયાએ યુક્રેન પર ૫૨૪ હવાઈ હુમલા કર્યા હતા. રશિયાએ યુક્રેનના ત્રણ શહેરો પર એટલો વિનાશક હુમલો કર્યો કે આખો દેશ હચમચી ગયો. તાજેતરના મહિનાઓમાં રશિયા દ્વારા યુક્રેન પર આ સૌથી મોટો હુમલો છે. પુતિને યુક્રેન પર હુમલો કર્યો, પરંતુ તેમણે નાટોને એક શક્તિશાળી સંદેશ પણ આપ્યો હતો. યુક્રેન પર આ વિનાશક હુમલો કરીને પુતિને નાટોને અંતિમ ચેતવણી આપી છે. જો રશિયન સરહદ નજીક લશ્કરી કવાયતો બંધ નહી થાય, તો એક મોટું યુદ્ધ નિકટવર્તી છે. પહેલા જર્મની પછી ફ્રાન્સે રશિયા સામે યુદ્ધની ઘોષણા કરી હતી. આ ઘોષણાએ પુતિનને ઉશ્કેર્યા. જો કે, જ્યારે રશિયન સરહદ નજીક નાટો લશ્કરી કવાયતો શરૂ થઈ ત્યારે પુતિને ગઈકાલે રાત્રે યુક્રેન પર વિનાશ કરીને જવાબ આપ્યો હતો. પુતિને નાટોને સંદેશ મોકલ્યો કે, "જો રશિયાને ઉશ્કેરવામાં આવશે તો અમે તેમને છોડીશું નહીં."

યુક્રેનના ગૃહ પ્રધાન ઈહોર ક્લિમેક્રોએ જણાવ્યું હતું કે, રશિયાએ ફરીથી યુક્રેનના શહેરો પર હુમલો કર્યો છે. રશિયાએ ઈરાદાપૂર્વક રહેઠાણ, શૈક્ષણિક સુવિધાઓ અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નિશાન બનાવી છે. તેમનો ધ્યેય યુક્રેનમાં શક્ય તેટલા વધુ નાગરિકોના જાનહાનિ, શક્ય તેટલો વિનાશ અને દુઃખ પહોંચાડવાનો છે. સૌથી ખરાબ પરિસ્થિતિ ટેર્નોપિલમાં છે. બે નવ માળની ઈમારતોને અસર થઈ, એકમાં આગ લાગી અને ઘણા માળ સંપૂર્ણપણે નાશ પામ્યા. આ હુમલાઓમાં ઘણા બાળકો સહિત ઘણા લોકો માર્યા ગયા.

યુક્રેનિયન સૈન્યના જણાવ્યા અનુસાર, રશિયાએ ૧૮ નવેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યાથી ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને મોટા પાયે હવાઈ હુમલા શરૂ કર્યા. આ હુમલાઓ ૧૯ નવેમ્બરની સવાર સુધી ચાલુ રહ્યા. રશિયાએ ત્રણ યુક્રેનિયન શહેરોને નિશાન બનાવ્યાઃ કિવ, ટેર્નોપિલ અને ખાર્કિવ. ૪૮ મિસાઈલો અને ૫૦૦થી વધુ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રશિયાએ યુક્રેન પર અસંખ્ય ક્રુઝ મિસાઈલો પણ છોડી હતી. જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો, ત્યારે એક ડ્રોન રોમાનિયન હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, જેના કારણે બે રોમાનિયન યુરોફાઈટર ટાયફૂન અને બે F-16 વિમાનોને પેટ્રોલિંગ માટે તાત્કાલિક તૈનાત કરવામાં આવ્યા. દરમિયાન, પોલેન્ડના રિઝેશો અને લુબ્લિન એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયાના અહેવાલ છે.

રશિયાએ એ પણ જાહેર કર્યું છે કે ફ્રાન્સ પાસેથી તેને મળતા રાફેલ ફાઈટર જેટ યુદ્ધમાં પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરશે નહીં. કિવ શાસનને ગમે તેટલા ફાઈટર જેટ વેચવામાં આવે, તે મોરચા પર કે યુદ્ધના મેદાનમાં પરિસ્થિતિ બદલશે નહીં. પેરિસ દ્વારા કિવને શસ્ત્રોનો સતત પુરવઠો યુદ્ધને વેગ આપી રહ્યો છે અને આમ કરવાથી તે કોઈપણ રીતે શાંતિમાં ફાળો આપી રહ્યા નથી.

રશિયન હુમલાઓ વચ્ચે ઝેલેન્સ્કી તુર્કી પહોંચ્યા, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે મુલાકાત કરશે. તેમનું કહેવું છે કે, વાટાઘાટોનો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેન માટે "ન્યાયી શાંતિ" માટે મહત્તમ સમર્થન મેળવવાનો છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયા પર વૈશ્વિક દબાણ હજુ પણ પૂરતું નથી અને દરેક નવો હુમલો દબાણ વધારવાની જરૂરિયાત સાબિત કરે છે.

# ભારતના વધુ એક મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટરની અમેરિકામાં ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૨૦**

મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર નોની રાણાની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. માહિતી મુજબ, કેનેડા ભાગવાનો પ્રયાસ કરતી વખતે અમેરિકન એજન્સીઓએ તેને નાયગ્રા બોર્ડર નજીકથી પકડ્યો હતો. બોર્ડર વિસ્તારમાં સુરક્ષા તપાસ દરમિયાન જ તે એજન્સીઓના હાથે ઝડપાઈ ગયો હતો.

મૂળરૂપે હરિયાણાનો રહેવાસી નોની રાણા કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાનો નાનો ભાઈ છે. પોલીસ અને ઈન્ટેલીજન્સ એજન્સીઓ ઘણા સમયથી તેની શોધમાં હતી અને હવે તેની ધરપકડ પછી, તેના પ્રત્યાર્પણ અને અન્ય કાયદાકીય પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું કે, નોની રાણાને ઝડપથી ભારત લાવવા માટે હરિયાણા પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને અમેરિકન અધિકારીઓનો સંપર્ક કર્યો છે. ટૂંક સમયમાં જ નોની રાણાને ભારત લાવીને તેની પૂછપરછ કરવામાં આવશે. તેની ધરપકડથી ગેંગના વિદેશી ફંડિંગ અને હથિયારોની સપ્લાય ચેન સાથે જોડાયેલા ઘણા મોટા રહસ્યો ખુલી શકે છે.'

નોની રાણા લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો એક મહત્ત્વપૂર્ણ સભ્ય છે. તાજેતરમાં જ નોની રાણાની અનેક સોશિયલ મીડિયા પોસ્ટ્સ સામે આવી હતી. આ પોસ્ટ્સમાં તેણે લૉરેન્સ ગેંગ દ્વારા હરિયાણામાં કરવામાં આવેલી ઘણી ગુનાહિત ઘટનાઓની જવાબદારી લીધી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે તે વિદેશમાં રહીને પણ ભારતમાં ગુનાઓને અંજામ અપાવી રહ્યો હતો.

નોની રાણા હરિયાણાના યમુનાનગરનો રહેવાસી છે અને તે કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાનો નાનો ભાઈ છે. નોની રાણા બનાવટી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગી ગયો હતો, જ્યાંથી તે લૉરેન્સ બિશ્નોઈ ગેંગ માટે કામ કરતો હતો.

નોંધનીય છે કે, ગઈકાલે (બુધવારે) જ લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈને પણ અમેરિકાથી ડિપોર્ટ કરીને ભારત લાવવામાં આવ્યો હતો. હવે માત્ર ૨૪ કલાકની અંદર ગેંગના વધુ એક મોટા ઓપરેટર નોની રાણાની ધરપકડથી સમગ્ર ગેંગના નેટવર્કને મોટો ફટકો પડ્યો છે.

# ફ્રોડના ચક્કરમાં થાઈલેન્ડમાં ફસાયેલા કુલ ૧૨૫ ભારતીયોને પરત લવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૦**

થાઈલૅન્ડમાં ફસાયેલા કુલ ૧૨૫ ભારતીય નાગરિકોને ભારતીય વાયુસેના(IAF)ના ખાસ વિમાન દ્વારા સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા છે. આ નાગરિકો મ્યાનમારના કુખ્યાત મ્યાવાડી સાયબર ઠગાઈ કેન્દ્રોમાંથી કોઈક રીતે ફરાર થઈને થાઈલૅન્ડ પહોંચ્યા હતા, જ્યાં સ્થાનિક અધિકારીઓએ તેમની અટકાયત કરી હતી.

ભારતીય દૂતાવાસના જણાવ્યાનુસાર, આ બધા લોકો મ્યાનમારના સાયબર ઠગાઈ કેન્દ્રોમાં ફસાયેલા હતા. ત્યાંથી ભાગી નીકળ્યા બાદ થાઈલૅન્ડ પહોંચતા તેમને સ્થાનિક અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા, દંડ ફટકારવામાં આવ્યો હતો અને તેમની ઘણી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. દક્ષિણપૂર્વ એશિયામાં કાર્યરત ઠગાઈ કેન્દ્રોમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષિત વાપસી ભારત સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.

આ મિશનના ભાગ રૂપે, બેંગકોકમાં ભારતીય દૂતાવાસ અને ચિયાંગ માઈમાં ભારતીય કોન્સ્યુલેટે થાઈ વહીવટીતંત્ર, ટાક પ્રાંતીય એજન્સીઓ અને સુરક્ષા વિભાગો સાથે સતત સંકલન કરીને આ બચાવ કામગીરી હાથ ધરી હતી. તાજેતરમાં મ્યાનમારના મ્યાવાડી વિસ્તારમાં આવેલા ઠગાઈ કેન્દ્રો પર દરોડા પાડવામાં આવ્યા હતા, જેના પગલે ઘણા ભારતીયોને મુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને સ્વદેશ લાવવા માટે આ કામગીરી શરુ કરવામાં આવી હતી. આ પહેલા એક દિવસ પૂર્વે જ ૧૧ મહિલાઓ સહિત ૨૬૯ ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા.

ભારતીય દૂતાવાસે 'X' પર પોસ્ટ કરીને વિદેશમાં નોકરીની છેતરપિંડીભરી ઓફરનો શિકાર ન બનવા માટે ભારતીય નાગરિકોને ચેતવણી આપી હતી. જેમાં લખ્યું, 'વિદેશમાં નોકરી સ્વીકારતા પહેલા નોકરીદાતાઓ અને ભરતી એજન્સીઓના ઓળખપત્રો અને ટ્રેક રેકોર્ડની ચકાસણી કરવી જરૂરી છે. ભારતીય પાસપોર્ટ ધારકો માટે થાઈલૅન્ડમાં વિઝા-મુક્ત પ્રવેશ ફક્ત પ્રવાસન અને ટૂંકા ગાળાના વ્યવસાયિક હેતુઓ માટે છે, રોજગાર માટે નહીં.'

# યુદ્ધવિરામ લાગુ છતાં ઈઝરાયલનો ગાઝામાં બોમ્બમારો, ૨૭ના મોત

## ઇઝરાયેલી સેનાએ દાવો કર્યો છે કે આ હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામ ભંગની કાર્યવાહીના જવાબમાં હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાઝા, તા.૨૦**

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા મહિને થયેલો યુદ્ધવિરામ હવે ખતરામાં મુકાઈ ગયો છે. ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં ભીષણ હવાઈ હુમલો કર્યો, જેમાં ૨૭ પેલેસ્ટિનિયનોના મોત થયા. આ ઉપરાંત, ઈઝરાયેલે લેબનોનમાં પણ કરેલા અલગ-અલગ હવાઈ હુમલાઓમાં ૧૪ લોકો માર્યા ગયા છે, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

ઈઝરાયેલી સેનાએ બુધવારે હમાસ-નિયંત્રિત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા. હમાસના નાગરિક સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ગાઝા શહેરના ઉત્તરીય ભાગમાં ૧૨ લોકો અને દક્ષિણી ખાન યુનિસ ક્ષેત્રમાં ૧૦ લોકો સહિત કુલ ૨૭ લોકો માર્યા ગયા હતા.

ઈઝરાયેલી સેના (IDF) એ દાવો કર્યો છે કે આ હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામ ભંગની કાર્યવાહીના જવાબમાં હતો. સેનાના જણાવ્યા મુજબ, આતંકવાદીઓએ દક્ષિણ ગાઝામાં કાર્યરત ઈઝરાયેલી સૈનિકો તરફ ગોળીબાર કર્યો હતો, જે યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. જવાબમાં, IDFએ ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા શરૂ કર્યા.

ઈઝરાયેલે લેબનોનમાં પણ પોતાના હુમલાઓ તેજ કરી દીધા છે. લેબનોનના ત્રીજા સૌથી મોટા શહેર સિડોનમાં મંગળવારે થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા. ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો કે તેણે સિડોન પાસેના એક પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિરમાં ચાલી રહેલા હમાસના ટ્રેનિંગ કેમ્પને નિશાન બનાવ્યું હતું. જોકે, હમાસે આ દાવાને નકારી કાઢતા કહ્યું કે એક ખુલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને નિશાન બનાવવામાં આવ્યું હતું, જ્યાં કોઈ સૈન્ય મથક નહોતું. બુધવારે દક્ષિણ લેબનોનમાં થયેલા અન્ય એક હવાઈ હુમલામાં ૧ વ્યક્તિનું મોત થયું અને ૧૧ લોકો ઘાયલ થયા. ઈઝરાયેલી સેનાએ લેબનોનમાં પાંચ ચોકીઓ પર કબજો જમાવી રાખ્યો છે, જ્યાંથી તે અવારનવાર દક્ષિણ લેબનોનમાં ઈરાન-સમર્થિત હિઝબુલ્લાહ અને હમાસના સભ્યોને નિશાન બનાવતી રહે છે.




<u>રણવીરની ડગુમગુ કેરિયર માટે મહત્વની ફિલ્મ</u>

# રણવીર સિંહની ધુરંધર પણ બે ભાગમાં રીલિઝ કરાશે







(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

રણવીર સિંહની કેરિયર છેલ્લા કેટલાય સમયથી ડગુમગુ થઈ ગઈ છે. હવે તેની બહુ મોટી આશા આગામી ફિલ્મ ધુરંધર પર છે. હવે એવી વાત બહાર આવી છે કે આ ફિલ્મ બે અલગ અલગ ભાગમાં રીલિઝ કરાશે.

ફિલ્મનું કુલ સાત કલાકથી વધારેનું શૂટિંગ થયું છે. હવે તેમાં એડિટિંગ કરી તેને બે ભાગમાં વહેંચવામાં આવશે. પહેલો ભાગ આગામી ડિસેમ્બરમાં તથા બીજો ભાગ છ મહિના પછી રીલિઝ કરવાનો પ્લાન છે.

ફિલ્મમાં રણવીર સાથે આર માધવન, સંજય દત્ત, અક્ષય ખન્ના, અર્જુન રામપાલ સહિતના કલાકારો છે.

છેલ્લાં બે વર્ષમાં રણવીરની રોકી ઔર રાની કી પ્રેમ કહાનીને બાદ કરતાં કોઈ મહત્વની ફિલ્મ આવી નથી. તેની પાસે ધુરંધર પછી ડોન થ્રી સિવાય બીજી કોઈ મોટી ફિલ્મ પણ નથી. તાજેતરમાં તેની ત્રણ ફિલ્મો એનાઉન્સ થયા બાદ ડબ્બામાં પૂરાઈ ગઈ છે.

<u>અભિનેત્રી હુમા કુરેશીનો ઘટસ્ફોટ</u>

# બોલીવૂડમાં અડધોઅડધ લોકોને હિંદી નથી આવડતું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

બોલીવૂડ એટલે હિંદી સિને ઉદ્યોગ એવો અર્થ કાઢવામાં આવે છે પરંતુ વાસ્તવમાં બોલીવૂડમાંથી હાલ હિંદીનો સાવ છેદ ઉડી ગયો છે. એક્ટ્રેસ હુમા કુરેશીએ કરેલા ઘટસ્ફોટ મુજબ બોલીવૂડમાં અડધો અડધ કલાકારો, ફિલ્મ દિગ્દર્શકો તથા અન્ય ક્રૂને હિંદી બોલતાં, લખતાં કે વાંચતાં આવડતું જ નથી.



હુમાના જણાવ્યા અનુસાર તેમને સ્ક્રિપ્ટ પણ અંગ્રેજીમાં જ મળે છે. હિંદી સંવાદો પણ અંગ્રેજી લિપિમાં લખાયેલા અપાય છે. ફિલ્મના સેટ પર કલાકારો અને ટેકનિશિયન્સ વચ્ચે ભાગ્યે જ હિંદીમાં વાતચીત થાય છે. હુમાના જણાવ્યા અનુસાર હિંદી ભાષી પ્રેક્ષકો માટે ફિલ્મો બનાવતા લોકો પણ અંગ્રેજીથી અંજાયેલા છે અને બોલીવૂડની જાણે કે સત્તાવાર ભાષા જ અંગ્રેજી બની ગઈ છે. જોકે, વક્તા એ છે કે તેમાંથી મોટાભાગના લોકોને સારું અંગ્રેજી પણ આવડતું નથી. આથી બહુ મોટાપાયે કમ્યુનિકેશન ગેપ રહી જાય છે અને તેની અસર ફિલ્મો પર પણ વર્તાય છે. હિંદી ફિલ્મો હાલ તળ હિંદીભાષી પ્રેક્ષકો સાથે તાદાત્મ્ય નથી સાધી શકતી તેનું આ એક બહુ મોટું કારણ છે. ભૂતકાળમાં ફિલ્મોનાં પોસ્ટર પર હિંદીમાં ટાઈટલ અચૂક લખાતું હતું. કેટલીય ફિલ્મોમાં ક્રેડિટ લાઈન પણ હિંદીમાં અપાતી હતી. હવે એ બધું ગાયબ થઈ ચૂક્યું છે. અગાઉ નવાઝુદ્દિન સિદ્દિકીએ પણ એક વાતચીતમાં ફરિયાદ કરી હતી કે આજકાલ કાસ્ટિંગ પણ કલાકાર અંગ્રેજી બરાબર જાણે છે કે નહિ એ લાયકાતના આધારે થાય છે. તેના કારણે નાના શહેરોમાંથી આવતા ઉમદા કલાકારોને કામ મળતું નથી.

# જ્યારે નશામાં ધૂત થયા મહાનાયક! સેટ પર કર્યો એવો ડ્રામા કે સુપરહિટ બની ગયું ગીત

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

અમિતાભ બચ્ચનને તેમના અભિનયને કારણે હિંદી સિનેમાના મહાનયક કહેવામાં આવે છે. તે દરેક પાત્રને એટલી સરળતાથી અને શક્તિશાળી ઉર્જાથી ભરી દે છે કે તે સ્ક્રીન પર ભજવે છે તે દરેક દ્રશ્ય વાસ્તવિક લાગે છે. તેણે પોતાની કારકિર્દી દરમિયાન અસંખ્ય હિટ ફિલ્મો આપી, જેમાં ૧૯૮૨ માં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ નમક હલાલનો પણ સમાવેશ થાય છે.




આ ફિલ્મને માત્ર મોટી સફળતા મળી જ નહીં, પરંતુ તેના ઘણા ગીતો આજે પણ લોકોના પ્લેલિસ્ટમાં છે. આમાંનું એક ગીત છે "થોડી સી જો પી લી હૈ."

અમિતાભ બચ્ચને આ ગીત દ્વારા સાબિત કરી દીધું કે કોમિક ટાઈમિંગ અને એક્સપ્રેશનની વાત હોય તો તેમનાથી અવ્વલ કોઈ નથી. તેમણે આ ગીતમાં દારૂ પીધેલા એક દારૂડિયાની એક્ટિંગ કરી હતી.

આ સુપરહિટ ગીત આજે પણ તે વાતનો પુરાવો છે કે એક શાનદાર પરફોર્મંસ કઈ રીતે સાધારણ સીનને આઈકોનિક બનાવી શકે છે, થોડી સી જો પી લી હૈ, આજે પણ દારૂના શોખીનો માટે ફેવરિટ ગીત છે.

આ ગીતને મહાન સિંગર કિશોર કુમારે પોતાનો અવાજ આપ્યો હતો અને તેમની અનોખી વોકલ સ્ટાઈલે ગીતને વધુ યાદગાર બનાવી દીધું. આ ગીતમાં મ્યૂઝિક બપ્પી લહેરીનું હતું. જેમણે એવી ધૂન આપી કે ગીત રિલીઝ થવાની સાથે બ્લોકબસ્ટર બની ગયું હતું.

બપ્પી દાનું બીટ્સ, કિશોર દાનો અવાજ અને અમિતાભ બચ્ચનના ધાંસૂ પરફોર્મંસે આ ગીતને સુપરહિટ બનાવી દીધું. આજે પણ પાર્ટીઓમાં આ ગીત વગાડવામાં આવે છે અને લોકો તેના પર ડાન્સ કરવાનું પસંદ કરે છે.

સદીના મહાનાયક અમિતાભ બચ્ચન પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતા છે. તેમણે પોતાના કરિયરમાં ઘણી એવી હિટ ફિલ્મો આપી છે, જેને આજે પણ દર્શકો યાદ કરે છે.

બિગ બીના સુગરહિટ ગીતોમાંથી એક છે નમક હલાલ ફિલ્મનું આઈકોનિક ગીત જેને આજે પણ લોકો સાંભળવાનું પસંદ કરે છે.

# સાંઈ બાબાના મંદિરમાં શતાબ્દી મહોત્સવમાં ઐશ્વર્યા રાય પહોંચી

## ઐશ્વર્યા રાયે વડાપ્રધાન મોદીના ચરણ સ્પર્શ કર્યા : સ્ટેજ પર પોતાની વાત મૂકતા તેણે કહ્યું કે એક જ જાતિ છે માનવતા, એવી જ રીતે ધર્મ પણ એક જ છે જે પ્રેમનો ધર્મ છે



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

આંધ્ર પ્રદેશના પુટ્ટપર્થીમાં શ્રી સત્ય સાંઈ બાબાના મંદિરમાં જન્મ શતાબ્દી મહોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબૂ નાયડૂ, ઉપમુખ્યમંત્રી પવન કલ્યાણ અને એક્ટ્રેસ ઐશ્વર્યા રાય પણ પહોંચી હતી. આ કાર્યક્રમનો એક ખાસ વીડિયો વાયરલ થયો છે. જેમાં ઐશ્વર્યા રાયે સ્ટેજ પર આવતા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણ સ્પર્શ હતા. એટલું જ નહીં પણ સ્ટેજ પર તેણે અનુશાસન અને ત્યાગની સાથે સાથે જાતિ અને ધર્મને લઈને પણ પોતાની વાત મૂકી હતી.

ઐશ્વર્યા રાયે પોતાની સ્પીચમાં 5 Dની વાત કરી હતી. જેમાં ડિસિપ્લિન, ડેડિકેશન, ડિવોશન, ડિટરમિનેશન અને ડિસ્ક્રિમિનેશનને યાદ કર્યું હતું. સાથે જ દરેકને પ્રેમ ફેલાવવા માટે આગ્રહ કર્યો હતો.

સ્ટેજ પર પોતાની વાત મૂકતા તેણે કહ્યું કે એક જ જાતિ છે માનવતા, એવી જ રીતે ધર્મ પણ એક જ છે જે પ્રેમનો ધર્મ છે.

વધુમાં ઐશ્વર્યાએ કહ્યું કે માત્ર એક જ ભાષા છે જે દિલની ભાષા, અને એવું પણ કહ્યું ઈશ્વર પણ એક જ છે જે બધી જ જગ્યાએ છે.

ઐશ્વર્યાની આ સ્પીચને લોકો ઘણી પસંદ કરી રહ્યા છે. સાથે જ ફેન્સે તેના વીડિયોને ઘણો પસંદ કર્યો છે.

ઐશ્વર્યા રાય બચ્ચન સાંઈ બાબાની ભક્ત છે. માત્ર ઐશ્વર્યા જ નહીં પણ તેના માતા-પિતા પણ સાંઈબાબાના ભક્ત છે. મીડિયા રિપોર્ટ્સની માનીએ તો જ્યારે ઐશ્વર્યાનો જન્મ થયો ત્યારે માતા-પિતા પુટ્ટપર્થીમાં આશીર્વાદ લેવા આવ્યા હતા.

એટલું જ નહીં પણ ઐશ્વર્યા સત્ય સાંઈ બાબાના સ્કૂલમાં બાળ વિકાસની વિદ્યાર્થીની પણ રહી છે. જ્યાં તેણે ધર્મશાસ્ત્રનું જ્ઞાન લીધું છે. મિસ વર્લ્ડનો તાજ જીત્યા બાદ તે પુટ્ટપર્થીમાં આશીર્વાદ લેવા માટે પહોંચી હતી.

# ચીખલીના રૂમલા વિસ્તારમાંથી વન વિભાગ દ્વારા ખેરની છાલનો જથ્થો અને બે વાહનો કબ્જે કરાયા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૦**


મહારાષ્ટ્રના ડહાણુ વિસ્તારમાંથી ખેરના લાકડા ભરેલ ટ્રક ઝડપાયા બાદ વનવિભાગ દ્વારા ચીખલી તાલુકાના રૂમલા વિસ્તારમાં મોટી માત્રામાં ખેરના છાલનો જથ્થો અને બે વાહનો પણ કબ્જે કરાવામાં આવ્યા છે. પરંતુ આ ઈમારતી લાકડાની તસ્કરીના ગુનાની વિગત ઘણા દિવસો વિતવા છતાં જાહેર ન કરવામાં વન વિભાગના અધિકારીઓની ભૂમિકા સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

થોડા દિવસ પૂર્વે મહારાષ્ટ્રના ડહાણુ વિસ્તારમાં સ્થાનિક વન વિભાગ દ્વારા ખેરના લાકડા ભરેલ એક ટ્રક ઝડપી પાડતા આ ઈમારતી લાકડાનો જથ્થો ચીખલીના રૂમલા વિસાતરમાંથી ભરાયો હોવાનું તપાસમાં બહાર આવતા હરકતમાં આવેલ વન વિભાગના અધિકારીઓએ રૂમલા વિસ્તારમાં છાપો મારી ખેરના લાકડાની છાલનો વિશાળ માત્રામાં જથ્થો અને એક ટેમ્પો તથા પિકઅપ એમ બે વાહનો ઝડપી લઈ તેનો કબ્જો લઈ વન વિભાગના એંધલ ડેપો પર છાલનો જથ્થો અને વાહનો મૂકી દેવામાં આવ્યા છે. આ પ્રકરણમાં વન વિભાગ દ્વારા રૂમલા વિસ્તારના બે પિતા-પુત્ર સહિત અત્યાર સુધીમાં આઠેક જેટલાની અટકાયત કરી હોવાનું કહેવાય છે.

જોકે આ ખેરના લાકડાનો જથ્થો ડાંગ જિલ્લાના મહાલ બરડીપાડા વિસ્તારમાંથી લાવી રૂમલા વિસ્તારમાં છાલ કાઢીને મહારાષ્ટ્ર તરફ રવાના કરાયો હોવાનું જણાઈ રહ્યું છે અને આ દરમ્યાન આઠ થી દસ જેટલા વાહનોનો પણ ઉપયોગ થયો હોવાનું કહેવાય છે. ત્યારે આ જથ્થો ક્યાંથી કાપવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવામાં આવી રહ્યો હતો અને ડાંગ, નવસારી અને વલસાડ એમ ત્રણ ત્રણ જિલ્લાની બોર્ડર ક્રોસ કરીને લાકડા ભરેલ ટ્રક મહારાષ્ટ્રમાં પહોંચી ગઇ હતી. ત્યારે વન વિભાગના જવાબદાર અધિકારીઓની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવે તે જરૂરી જણાઇ રહ્યું છે.

લાકડા તસ્કરીના સમગ્ર પ્રકરણમાં વન વિભાગ દ્વારા ચોક્કસ વિગત જાહેર ન કરવામાં આવતા અનેક શંકા કુશંકાઓ ઉઠવા પામી છે. ત્યારે ઈમારતી લાકડાની તસ્કરીનું પુષ્પા ફિલ્મ જેવું જણાતું સમગ્ર નેટવર્કનો વન વિભાગ દ્વારા પર્દાફાશ કરવા સાથે વિરપ્પનોને પાઠ ભણાવવામાં આવે અને અધિકારીઓની સંડોવણી બહાર આવે તેવામાં તેમની સામે પણ પગલા લેવાઇ તે જરૂરી છે.

# ડિજિટલ એરેસ્ટ બાદ ગુજરાતમાં આપઘાતનો પહેલો બનાવઃ વડોદરાના ખેડૂતે જીવન ટૂંકાવ્યું



**તમારા ખાતામાં ૪૦ કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને ધમકાવ્યા હતા અને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રાખ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વડોદરા,તા.૨૦**

ડિજિટલ યુગમાં સાયબર માફિયાઓ અલગ-અલગ પ્રકારે ભોળા માણસો સાથે છેતરપિંડી આચરીને લાખો રૂપિયા પડાવી લેતા હોવાની ઘટના સામે આવતી હોય છે. રોજબરોજ સાયબર ફ્રોડની ફરિયાદો સામે આવતી હોય છે, ત્યારે વડોદરાના એક ખેડૂતને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. જેમાં આરોપીએ કરોડો રૂપિયાનું ફ્રોડ આચર્યું હોવાનું કહેતા ખેડૂતે આપઘાત કરીને જીવન ટૂંકાવતા પરિવારમાં શોક છવાયો છે. ડિજિટલ એરેસ્ટ બાદ ગુજરાતમાં આપઘાતનો પહેલો બનાવ સામે આવ્યો છે, ત્યારે ડભોઈ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના કાયાવરોહણમાં અતુલભાઈ હીરાભાઈ પટેલ(ઉં.વ.૬૫)ને દિલ્હી ATSના નામે ફોન આવ્યો હતો. જેમાં આરોપીઓએ અતુલભાઈને તમારા ખાતામાં ૪૦ કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને ધમકાવ્યા હતા અને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રાખ્યા હતા. આરોપી દ્વારા ધમકાવતા અને સતત દબાણ કરતાં ગત ૧૭ નવેમ્બરના રોજ અતુલભાઈએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો.

સમગ્ર મામલે મૃતક ખેડૂતના પરિવારને શંકા જતાં તેમણે અતુલભાઈનો ફોન તપાસ્યો હતો. જેમાં દિલ્હીથી ATSના ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કરનાર વ્યક્તિ ૪૦ કરોડના ફ્રોડની ધમકી આપતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ડરના માર્યા ખેડૂતે આ પગલું ભર્યું હતું. ઘટના અંગે ડભોઈ પોલીસ સ્ટેશનને જાણ કરતાં પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર મામલે મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, 'સાયબર ઠગો અતુલભાઈને વારંવાર ફોન કરતાં હતા અને ફ્રોડ કર્યુ હોવાનું જણાવીને ધમકાવતા હતા. તેમજ દર ૫ મિનિટે ફોન કરીને ઘરની બહાર ન નીકળવા ધમકી આપતા હતા. જેથી અંતે તેમણે આપઘાત કરી લીધો હતો. સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.'

# ઈડરમાં લગ્ન બાદ લાખોના દાગીના-રોકડ લઈ લૂંટેરી દુલ્હન ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સાબરકાંઠા,તા.૨૦**

સાબરકાંઠાના ઈડરમાં લૂંટેરી દુલ્હન અને તેના મળતીયા દ્વારા લગ્નના થોડા દિવસ બાદ દુલ્હન દ્વારા ઘરેણાં-રોકડ લૂંટ કરીને છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. ઈડરમાં એક યુવક સાથે લગ્ન કર્યાના થોડા દિવસ બાદ દુલ્હન લૂંટેરી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈને ફરાર થઈ હોવા મામલે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે લૂંટેરી દુલ્હન સહિતના આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ઈડર તાલુકાના રામપુરના રહેવાસી નૈમેશ પટેલ નામના યુવકના લગ્ન કરાવવા માટે દલાલે ચાંદની રમેશ રાઠોડ નામની યુવતી સાથે સંપર્ક કરાવ્યો હતો. આ પછી મંદિરમાં નૈમેશ અને ચાંદનીના વિધિવત લગ્ન થયા હતા. જોકે, લગ્નના થોડાક દિવસો બાદ પરિણીતાએ નૈમેશને વિશ્વાસમાં રાખીને ઘરેણાં અને રોકડ સહિતનો મુદ્દામાલ લઈને ફરાર થઈ ગઈ હતી. આમ લૂંટેરી દુલ્હન મળતીયાઓ સાથે મળીને યુવક સાથે વિશ્વાસઘાત કરીને જતી રહી હતી. બીજી તરફ, યુવકના માંડ-માંડ લગ્ન થયા હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ મુજબ, લૂંટેરી દુલ્હન તેની માતા અને મામા, એજન્ટ સહિતની ટોળકીએ કુલ રૂ.૩.૫૦ લાખ રોકડા, રૂ.૧૧ હજારના કપડાં, રૂ.૪૭ હજારના સોના-ચાંદીના દાગીના અને રૂ.૧૫ હજારનો મોબાઈલ સહિતની કિંમતી વસ્તુઓ લઈને ફરાર થઈ ગઈ છે. આ મામલે ઈડર પોલીસે યુવકની ફરિયાદના આધારે આરોપીને ઝડપી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KIRANKUMAR DODIA TO **KIRANKUMAR PRABHATSINH DODIA** AS PER DOCUMENT

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Land Section Collectorate, Diu**

**Declaration as per Section19 of the RFCTLARR Act,2013**

Additional Land Acquisition of Pvt. Land from Malala Junction to Bhucharwada Fatak Strengthening and Widening of NH 251 from KM 11.00 to KM 22.770 at Diu District.
**No.**65-02-LAQ-2022-23/1060 dated 18.11.2025
**Note: Details can be downloaded from** https://tinyurl.com/mwc3dhb8 or by scanning the QR code.

Office of the Collector, Diu

No. IP/DMN/2/5/2025-26/949, Dated: 20/11/2025

# સુરતમાં આજથી મહિલાઓ માટે ખાસ પિંક બસ

# ગુજરાતમાં પ્રથમવાર સુરતમાં મહિલા BRTS બસ ચલાવશે





(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૦**

સુરતમાં આજથી મહિલાઓ માટે ખાસ પિંક બસ દોડાવવામાં આવશે. ગુજરાતમાં સુરતની પ્રથમ BRTS બસ મહિલા ચલાવશે. મહિલા ડ્રાઈવરની શોધ ગત ૨૦ મહિનાથી કરવામાં આવી રહી હતી. જે બાદ આ મહિલા ડ્રાઈવર મળ્યા છે. ONGC કોલોનીથી સરથાણા નેચરપાર્ક સુધી આ પિંક બસ સેવા શરૂ કરવામાં આવી છે.

પિંક બસના ડ્રાઈવરને ઈન્દોરથી ખાસ બોલાવવામાં આવ્યા છે. ઈન્દોરના નિશા શર્મા ગુજરાતના પહેલા મહિલા બસ ડ્રાઈવર બન્યા છે. નિશા શર્મા ઈન્દોરમાં ૪ વર્ષથી BRTS બસ ચલાવી રહ્યા છે. નિશા શર્માને જોઈ સુરતની મહિલાઓને પ્રેરણા મળશે. પિંક બસ માત્ર મહિલાઓ માટે શરૂ કરવામાં આવી છે, જેને મહિલા ડ્રાઈવર જ ચલાવશે.

# રાજ્ય સરકારના કૃષિ રાહત પેકેજ સહાય માટે ૩૯ હજાર ખેડૂતોની નોંધણી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જામનગર,તા.૨૦**

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા કમોસમી વરસાદના પગલે ખેડૂતોને થયેલા નુકસાન માટે રાહત પેકેજની જાહેરાત કર્યાબાદ વળતર મેળવવા માટેની અરજી શરૂ થઈ છે. જેમાં જામનગર જિલ્લામાંથી કુલ ૩૯,૦૧૫ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જામનગર જિલ્લામાં આ વખતની ખરીફ સિઝનમાં કુલ ૩ લાખ ૪૭ હજાર હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં મગફળી અને કપાસનું મોટા પાયે વાવેતર થયેલું હતું. પરંતુ કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકશાની ગઈ હોવાની ગ્રામ્ય વિસ્તારમાં તમામ તાલુકાઓના ખેડુતોમાં ફરિયાદ ઉઠી હતી. જામનગર જિલ્લા પંચાયતના ખેતીવાડી વિભાગે જામનગર જિલ્લામાં ૨૭.૧૦.૨૦૨૫ થી તા.૨.૧૧.૨૦૨૫ દરમિયાન જિલ્લાના ૪૧૮ ગામોમાં યુધ્ધના ધોરણે સર્વે શરૂ કરાવ્યો હતો.

જેના અંતર્ગત ૩૩૨ ટીમોએ નુકશાનીનો સર્વે કર્યો અને રોજકામ પણ કર્યું હતું જે રીપોર્ટ સરકારને સોંપાયા બાદ ગત તા.૧૪મી નવેમ્બરથી નુકશાનીનું વળતર મેળવવા ખેડુતોના રજીસ્ટ્રેશનશ શરૂ થયા હતા, જેમાં ધ્રોળ તાલુકામાં ૪૨૫૯, જામજોધપુરમાં ૫૪૯૪, જોડીયામાં ૪૦૦૭, કાલાવડમાં ૨૦,૧૬૮ લાલપુરમાં ૬૮૭૫, મળીને કુલ ૩૯૦૧૫ ખેડુતોનો સમાવેશ થાય છે.

# મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર સતત બીજા દિવસે અકસ્માતઃ બેના મોત

**મૃતકોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને બંને ઇજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વડોદરા,તા.૨૦**

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વાડોદરા નજીક આજે બીજા દિવસે પણ અકસ્માત થયો છે. સુરતથી અમદાવાદ તરફ જતી કાર ચાલતી ટ્રકની પાછળ ઘૂસી જતાં કારમાં સવાર સુરતના બે લોકોના ઘટનાસ્થળે મોત અને બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. વડોદરા નજીક લક્ષ્મીપુરા ગામ પાસે આ અકસ્માત થયો હતો. જેને પગલે હાઈવે પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આ મામલે વધુ કાર્યવાહી શરૂ કરી છે. હાલ પાદરા CHC ખાતે મૃતકોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને બંને ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ગમખ્વાર અકસ્માતમાં નામ મેહુલ જયંતીભાઈ ગલાણી (ઉંમર ૨૭, રહે, કતારગામ સુરત) અને અશ્વિનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ (ઉંમર ૪૮, રહે. નીલકંઠ એવન્યુ, સુરત)ના કરુણ મોત નિપજ્યું હતું. જયારે ઈજાગ્રસ્તો પ્રશાંતભાઈ પ્રવીણચંદ્ર ઘામેચા (રહે-અમરોલી, સુરત) અને ઉમેશભાઈ નારાયણભાઈ વિરાણીને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું એડમિનિસ્ટ્રેશન

યુવા બાબતો અને રમતગમત વિભાગ, ડીએનએચ અને ડીડી

સૂચના

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, 2026 ના દ્વિતીય સંસ્કરણ માટે કેટરિંગ સેવા પ્રદાતા ની નિમણૂક માટે વિનંતી પ્રસ્તાવ

આરએફપી નં. : DMN/SPORTS/KIBG-CSP/2025-26/567 તારીખ: 17/11/2025
ટેન્ડર રેફરન્સ નં. : SPRTS/KIBG-CSP/2025-26/567 તારીખ: 17/11/2025
ટેન્ડર આઈડી: 2025_DAMAN_4538_1
વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો — બોલી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 27/11/2025, 06:00 PM સુધી
http://ddd.gov.in

નિયામક-કમ-સંયુક્ત સચિવ (વાયએ અને એસ ), ડીએનએચ અને ડીડી

No. IP/DMN/2/5/2025-26/950, Dated: 20/11/2025

# ચીખલી પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનોની બે વર્ષથી હરાજી ન થતાં વાહનોનો ખડકલો

**હાલે ૪૦૧ વાહનો પૈકી સૌથી વધુ પ્રોહિબીશનના ગુનાના ૩૦૭ જેટલા વાહનો છેઃ ૨૦૨૩માં થયેલ વાહનોની હરાજીમાં ૩૧ લાખ રૂપિયાની આવક થઈ હતી**



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૦**

ચીખલી પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં કબ્જે લેવાયેલા વાહનો પોલીસ સ્ટેશનની આજુબાજુ ઉપરાંત બલવાડા, હાઈવે ચોકી અને થાલા ગામે સિંચાઈ વિભાગની કચેરીના કેમ્પસમાં રાખવામાં આવ્યા છે. જેમાં સિંચાઈ વિભાગની કચેરીના કેમ્પસમાં તો વાહનોનો ખડકલો જોતા ફિલ્મનું દ્રશ્ય નજર સમક્ષ આવી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સંખ્યાબંધ વાહનો એક ઉપર એક મુકવામાં આવ્યા છે.

પોલીસ દ્વારા કબ્જે લેવાયેલ વાહનોમાં સામાન્ય અકસ્માત, મારામારી, હત્યા જેવા ગુનામાં-૨૪, જુગાર-પોક્સો જેવામાં ૬૦ અને સૌથી વધુ દારૂની હેરાફેરીમાં ૩૦૭ જેટલા મળી અલગ અલગ ગુનામાં હાલે કુલ ૪૦૧ જેટલા વાહનો છે.

પોલીસ દ્વારા છેલ્લે ૨૦૨૩માં ૯૧-જેટલા વાહનોની હરાજી કરવામાં આવી હતી. જેમાં ૩૧ લાખ રૂપિયાની આવક થઈ હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી વાહનોની હરાજી ન થતા હાલે ૪૦૧ જેટલા વાહનોનો ખડકલો થઈ જવા પામ્યો છે. જોકે પોલીસ દ્વારા નિકાલ થઈ શકે તેવા વાહનોની હરાજી માટે ઉપલી કચેરીએ દરખાસ્ત મોકલાવી મંજૂરી માંગવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સમયસર હરાજી થાય તો વાહનોનો નિકાલ સાથે આવક પણ પ્રાપ્ત થાય તેમ છે.

# બિલ અનિશ્ચિતકાળ સુધી રોકી શકાય નહીં: સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૦**

સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મોકલેલા ૧૪ બંધારણીય પ્રશ્નો પર આજે સુનાવણી કરી રહી છે. આ પ્રશ્નો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની વિવિધ બિલ પર નિર્ણય લેવાની સત્તા અને સમયમર્યાદા સાથે સંકળાયેલો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોને પસાર કરવા મોકલેલા બિલ મુદ્દે ચોક્કસ સમયગાળામાં નિર્ણય લેવો પડશે. આ મુદ્દે રાષ્ટ્રપતિએ બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ચિંતા વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં આ પ્રશ્નો મોકલવામાં આવ્યા છે. જો કે, આ ચુકાદાને પલટાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોએ તમામ રોકી રાખેલા બિલ પર સમયમર્યાદા નક્કી કરવી ન્યાયસંગત નથી, પરંતુ તેમણે સંઘવાદની ભાવનાને મજબૂતાઈ આપવી જોઈએ, નહીં કે તેમાં અવરોધરૂપ બનવું જોઈએ. કોઈ પણ કોર્ટ આ રીતે સમયમર્યાદા નક્કી ના કરી શકે. રાષ્ટ્રપતિના સંદર્ભ પર નિર્ણય સંભળાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'અનુચ્છેદ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ પાસે ફક્ત ત્રણ જ મૂળભૂત વિકલ્પો રહે છે: બિલને મંજૂરી આપવી, નામંજૂર કરવું (રોકી રાખવું) અથવા રાષ્ટ્રપતિના વિચારણા માટે સુરક્ષિત રાખવું.' કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમ જોગવાઈને ચોથો વિકલ્પ ગણી શકાય નહીં. જો બે અર્થઘટન શક્ય હોય, તો તે અર્થઘટન સ્વીકારવું જોઈએ જે બંધારણીય સંસ્થાઓ વચ્ચે સંવાદ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે ભારતીય સંઘવાદની કોઈ પણ વ્યાખ્યા હેઠળ એ સ્વીકાર્ય નથી કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો બિલને પરત મોકલ્યા વિના અનિશ્ચિત સમય માટે રોકી રાખે. તે માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય, પરંતુ રાષ્ટ્રપતિ-રાજ્યપાલો માટે બિલ સુરક્ષિત રાખવું એ પણ સંસ્થાકીય સંવાદનો જ એક ભાગ છે. આમ છતાં, પરંતુ બંધારણીય હોદ્દા પર બિરાજમાન વ્યક્તિઓએ તેમાં અવરોધ ઊભો કરવાના બદલે સંવાદ અને સહકારની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ.

કોર્ટે જણાવ્યું કે રાજ્યપાલ કોઈપણ બિલને મંજૂરી આપવાના હેતુથી તેને અનિશ્ચિત સમય સુધી પેન્ડિંગ રાખી શકે નહીં. જોકે, સાથે જ કોર્ટે સ્પષ્ટતા કરી કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ જેવા બંધારણીય પદાધિકારીઓ માટે નિર્ણય લેવા માટે સમય-મર્યાદા નક્કી કરવી એ સત્તાઓના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણાશે.

ચીફ જસ્ટિસ બી. આર. ગવઈની અધ્યક્ષતા હેઠળની બેન્ચે તેના અગાઉના ચુકાદાને રદ કર્યો, જેમાં રાજ્યના બિલ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને ફરજ પાડવામાં આવી હતી. કોર્ટના મતે, બંધારણીય પદાધિકારીઓ પર કડક સમય-નિર્ધારણ લાગુ કરવું એ ન્યાયતંત્રના અધિકાર ક્ષેત્રની બહારની બાબત છે.

**UTDD01-001013-2025** **PUTDD010010132025_2**

*Appendix H, No. 4*

**DISTRICT AND SESSIONS COURT**

IN THE COURT OF **Pranita Prashant Bharsakade Wagh**
**Civil Judge Senior Division and Chief Judicial Magistrate Daman, Daman, Daman.**

**NOTICE TO SHOW CAUSE.**
(GENERAL FORM)
**Civil M.A./23/2025**
Dr. Bhalchandra Maganlal Rana and 1 Ors. Vs Farook Hussein Dawoodbhai Balsara and 14 Ors.
**NEXT DATE: 24-12-2025**

To,
**Kailash Babubhai Rana**
**H. No. 2/293, Nani Daman..**

Whereas in the above-named **Dr. Bhalchandra Rana** has made application to this Court that **Application U O 5 R 20 1-A of CPC filed by Adv M. S. Chudasama.**

You are hereby warned to appear in this Court in person or by a pleader duly instructed on the **24-12-2025** at **11:00 O'clock in the forenoon,** to show cause against the application, failing wherein, the said application will be heard and determined *ex parte.*

**ACKNOWLEDGMENT**

The undersigned acknowledge receipt of this proces in the above mentioned case **CIVIL M.A./23/2025.**

| S.N. Name and Address of the party | Service Date | Personal or through | Signature or T.I. |
|---|---|---|---|
| **1. Kailash Babubhai Rana, H. No. 2/293, Nani Daman. (PUTDD010010132025_2_1)** | | | |
| **2. Kumudaben Babubhai Rana, H. No. 2/293, Nani Daman. (PUTDD010010132025_2_2)** | | | |

Given under my hand and the seal of the Court, this **14-11-2025**

Court Seal

**Civil Judge Senior Division and Chief Judicial Magistrate Daman**

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપીના વિવિધ વિસ્તારોમાં મનપા દ્વારા ડિમોલિશન કાર્યવાહી યથાવત્: ૩૦૦થી વધુ મિલકતોનું ડિમોલિશન કરાશે

**મોરાઈ, મુક્તાનંદ માર્ગ, નાયકવાડ, કચીગામ રોડ, નામધા, ખડકલા જેવા વિસ્તારોમાં બુલડોઝર ફર્યું**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપી મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ત્રણ દિવસથી મેગા ડિમોલિશનની કાર્યવાહી ચાલી રહી છે. એક પછી એક નવા નવા વિસ્તારોમાં મનપાનું બુલડોઝર ફરી રહ્યું હતું પણ આગામી દિવસોમાં આ કામગીરી યથાવત આગળ વધવાની છે.

વાપીના બહુધા વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામો ઠેર ઠેર કરાયેલા છે તેવા ગેરકાયદે થયેલ બાંધકામ, ગોડાઉન, દુકાનોને તોડી પાડવાની કામગીરી મનપા દ્વારા મેગા ડિમોલિશન રૂપે શરૂ થઈ ચૂકી છે. કામગીરી અટકવાની નથી. હજુ આગળના દિવસોમાં પણ ચાલું રહેવાની છે. વાપી મહાનગરપાલિકાના ડે.કમિશ્નર અશ્વિન પાઠકના જણાવ્યા મુજબ ગેરકાયદે બંધાયેલ મિલકતોના માલિકોને મનપા દ્વારા ત્રણ થી ચાર કાયદેસરની નોટિસ પાઠવાઈ છે તે પછી પણ સ્વૈચ્છીક રીતે ગેરકાયદે બાંધકામ જે તે માલિકોએ નથી કર્યું. તેથી અંતે કાયદાની રૂએ અંતિમ કદમ હાલમાં ચાલી રહ્યું છે. પ્રારંભ છીરી, રામનગરથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કરવડ, મોરાઈ, મુક્તાનંદ માર્ગ ચલા, નાયકાવાડ રોડ, નામધા, ખડકલા જેવા વિસ્તારોમાં ડિમોલિશન કામગીરી કરાઈ એ મનપાની યાદી મુજબ ૩૦૦ જેટલી ગેરકાયદેસરની મિલકતો ડિમોલિશન કરવામાં આવી છે. મનપાની કાર્યવાહીથી શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. પરંતુ મનપાએ ડિમોલિશનની કાર્યવાહીમાં આગળ વધવાનો મુડ બનાવી દીધો છે.



# તિથલ સ્વામિનારાયણ મંદિરથી સરદાર@૧૫૦ યુનિટી માર્ચ ૨૦૨૫ અંતર્ગત પદયાત્રા નીકળી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વલસાડ જિલ્લામાં સરદાર@૧૫૦ - યુનિટી માર્ચ યાત્રા ૨૦૨૫ અંતર્ગત દરેક વિધાનસભા મતવિસ્તારમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા અંતર્ગત ૧૭૯-વલસાડ વિધાનસભા વિસ્તારમાં લોકસભાના દંડકશ્રી અને વલસાડ- ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર@૧૫૦ - યુનિટી માર્ચ યાત્રા સવારે ૮-૦૦ વાગ્યાથી સ્વામિનારાયણ મંદિર તીથલથી નીકળી હતી જે તિથલ ચાર રસ્તા- સેગવી ચાર રસ્તા- વશીયર થી તડકેશ્વર મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. ૮.૫ કિલોમીટરની આ પદયાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ તેજસભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ દિવ્યાંગભાઈ ભગત, જીતેશભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, જીગીત્સાબેન પટેલ, ગણેશભાઈ બિરારી, તાલુકા પંચાયત પ્રમુખ મીનાબેન ઠાકોર, નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, નગરપાલિકા સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, મોરચાના હોદ્દેદારો, સંગઠનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, વહીવટીતંત્રના અધિકારીઓ સક્રિય કાર્યકરો, નગરજનો નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ''એક ભારત, આત્મનિર્ભર ભારત''ના સંદેશ સાથે નીકળેલી આ પદયાત્રા દરમિયાન સરદાર અમર રહોના નારા ગુંજી ઉઠ્યા હતા.

# બીલીમોરાથી તિથલ ફરવા આવેલ દંપતિને વલસાડ હાઈવે ઉપર કાળ ભરખી ગયો: બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારી







**પતિ અભિષેક શર્માનું ઘટના સ્થળે મોત, પત્ની રાધાએ સારવારમાં દમ તોડ્યો : પડોશીની બાળકી જાનવી સારવાર હેઠળ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**


બીલીમોરા આંતલીયા જીઆઈડીસીમાં રહેતા પતિ-પત્ની અને પડોશીની બાળકી સાથે ગતરોજ બાઈક ઉપર વલસાડ તિથલ ફરવા આવ્યા હતા. ફરીને સાંજે ૮ વાગે પરત થતા હતા ત્યારે હાઈવે ધરમપુર ચોકડી ઉપર અજાણ્યા વાહને બાઈકને ટક્ક મારતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. પતિ નીચે પટકાતા ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. ઘાયલ પત્ની અને બાળકીને સારવારમાં ખસેડાયા હતા. જ્યાં પત્નીએ સારવારમાં દમ તોડી દીધો હતો. જ્યારે ઘાયલ બાળકી હાલ સારવાર હેઠળ છે. હસતા બોલતા પરિવારને કાળ ભરખી ગયો હતો.

બીલીમોરા આંતલીયા જીઆઈડીસીમાં રહેતા ૨૮ વર્ષિય અભિષેક જયનાથ શર્મા તથા તેમની પત્ની રાધા તેમજ પડોશમાં રહેતી ૧૧ વર્ષિય જાનવી બુધવારે સાંજના વલસાડ તિથલ દરિયા કિનારે ફરવા આવ્યા હતા. ફરીને દંપતિ તેમની બાઈક નં.જીજે ૨૧ ડીબી ૮૮૬૧ ઉપર સવાર થઈને સાંજે ૮ વાગે બીલીમોરા જવા પરત ફરી રહ્યા હતા. પરંતુ તેમની આ અંતિમ સફર બની હતી. વલસાડ હાઈવે ધરમપુર ચોકડી ખોડીયાળ હોટલ સામે દંપતિની બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારી દીધી. સર્જાયેલા આ જીવલેણ અકસ્માતમાં પતિ અભિષેકનું નીચે પટકાતા ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે પત્ની રાધાએ દમ તોડી દીધો હતો. જ્યારે ઘાયલ બાળકી જાનવી હાલ સારવાર હેઠળ છે. પોલીસે ગુનો નોંધી ફરાર વાહન ચાલકની શોધ શરૂ કરી હતી.

# વાપી બલીઠા આલોક કંપની વિરૂધ્ધ ધારાસભ્ય અનંત પટેલે કામદારોના અન્યાય સામે મોરચો માંડ્યો

**૨૯૦ જેટલા કામદારોનું વેતન વૃદ્ધિ વળતર નહી ચુકવાયાનો મામલો : શ્રમ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વલસાડના ધારાસભ્ય અનંત પટેલ આજે ગુરૂવારે વાપી હાઈવે બલીઠામાં આવેલ આલોક કંપની વિરૂધ્ધ કામદારોના અન્યાય સામે મોરચો માંડ્યો હતો. જેમાં સેંકડો કામદારો જોડાયા હતા.

વાપી વિસ્તારની કંપનીઓમાં અવારનવાર કામદાર યુનિયન અને કંપની વચ્ચે વિવાદો ઉભા થતા હોય છે તેવો વધુ એક વિવાદ આજે બલીઠા સ્થિત આલોક કંપનીમાં ઉભો થયો હતો. યુનિયનના પ્રશ્નો તથા ૨૯૦ જેટલા કામદારોનું વેતન વૃધ્ધિ ૨૦૨૨ થી ચુકવાયુ નહી હોવાથી કામદારોમાં નારાજગી પ્રવર્તી હતી. તેથી કામદારોએ તેમની સમસ્યા વાંસદાના ધારાસભ્ય અનંત પટેલને જે તે સમયે કરી હતી તેથી આજે ધારાસભ્યએ કંપની સામે કામદારોના વેતન મામલે મોરચો ખોલી દીધો હતો. કંપનીમાં ફરજ બજાવતા ૨૯૦ જેટલા કામદારોનું કથિત વેતન વૃધ્ધિ ૨૦૨૨ થી ચુકવાયું નહોવાથી કામદારો નારાજ હતા. તેમજ અન્ય યુનિયનના પડતર પ્રશ્નો હતા તેથી કામદારો અને ધારાસભ્ય અનંત પટેલના નેતૃત્ત્વમાં દેખાવો યોજાયા હતા. તેમજ વલસાડ શ્રમ અધિકારીને કામદારોના પ્રશ્ન અંગે આવેદનપત્ર પાઠવ્યું હતું તેમજ ચિમકી પણ આપી હતી કે કામદારોના પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો આંદોલન પણ કરીશું.

# વાપી આદિનાથ જૈન સંઘ દ્વારા ઉપધાન તપમાં જોડાયેલા ૯૦ તપસ્વીઓના તપ પૂર્ણ થતાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી

**આદિનાથ જૈન સંઘમાં જૈનાચાર્ય પૂ.પ્રબોધસુરીશ્વરજી (ચકાચક દાદા)ની નિશ્રામાં ઉપધાન તપ યોજાયું હતું**








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપીના આદિનાથ જૈન સંઘ દ્વારા ઉપધાન તપમાં જોડાયેલા તપસ્વીઓના વિવિધ તપ પુર્ણ થતા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં જૈનો-જૈનેતર જોડાયા હતા.

વાપી આદિનાથ જૈન સંઘમાં ચાર્તુમાસ માટે પધારેલા જૈનાચાર્ય પૂજ્ય પ્રબોધસુરીની નિશ્રામાં વિવિધ નાના-મોટા તપસ્વીઓ જોડાયા હતા. જેમાં ૪૫ દિવસ અગરીયુ, અઠ્ઠાવીયું તેમજ પાંત્રીસ દિવસના અલગ અલગ તપમાં ૯૦ જેટલા તપસ્વીઓએ અખંડ તપ કરી ઉપાસના કરી હતી. જે ઉપધાન તપની પુર્ણાહૂતી નિમિત્તે વાપીના રાજમાર્ગો ઉપર તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. વિવિધ કલાત્મક બગીઓમાં નિકળેલી શોભાયાત્રાએ શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. તપસ્વીઓની અનુમોદનાર્થે જૈન-જૈનેતર ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યો હતો. આજે પ્રબોધચંન્દ્ર સુરીજી મ.સા.ની નિશ્રામાં તપસ્વીઓને રત્નોનો મોક્ષ માળારોપણ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કપરાડાની આનંદ નિકેતન પીએમશ્રી EMRSના ખેલાડીઓની ઓડિસામાં રાષ્ટ્રીય કક્ષાની EMRS સ્પોર્ટ્સ મીટમાં ઝળહળતી સિદ્ધિ



**શાળાના ૪૫ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી, જેમાંથી બહુધા એ યોગાસન, સ્વિમિંગ, હોકી અને જુડોમાં સુવર્ણ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આરટીઓ કચેરી નજીક આવેલી આનંદ નિકેતન પીએમશ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ (EMRS)ના વિદ્યાર્થીઓએ ઓડીશામાં આયોજિત 4th National EMRS Sports Meet 2025 માં ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધા માટે શાળાના કુલ ૪૫ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી, જેમાંથી અનેક વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં પદકો મેળવી ગૌરવ વધાર્યું છે.



યોગાસન સ્પર્ધામાં U-14 બૉયઝ કેટેગરીમાં પ્રિન્સ અનિલભાઈ બાગુલે અદ્ભૂત પ્રદર્શન કરતા Artistic Single ઈવેન્ટમાં સુવર્ણ પદક, Artistic Pair ઈવેન્ટમાં કાંસ્ય પદક તેમજ Traditional કેટેગરીમાં રજત પદક મેળવી ત્રિપલ જીત નોંધાવી હતી. તેમના સાથીદાર સુદામ અમરતભાઈ ચૌધરીએ પણ Artistic Pair કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સ્વિમિંગમાં ૧૨ કોનર્સના જીવન હરીશભાઈ દાપટે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું છે. U-19 ગર્લ્સ કેટેગરીમાં પ્રિયંકા સખારંભાઈ સાવરણાએ ટ્રેડિશનલ ઈવેન્ટમાં રજત પદક હાંસલ કરીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. યોગા ઉપરાંત જુડો, સ્વિમિંગ અને હોકી જેવી રમતોમાં પણ શાળાના ખેલાડીઓએ અનેક સિલ્વર અને બ્રોન્ઝ પદકો પ્રાપ્ત કર્યા છે, જે ખેલાડીઓની મહેનત અને પ્રતિભા દર્શાવે છે.

આ સમગ્ર સિદ્ધિઓ માટે શાળાના મેનેજમેન્ટ, આચાર્યશ્રી તથા રમતગમત શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યું છે. શાળાએ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

# વલસાડ જિલ્લા પંચાયતની ખાસ સામાન્યસભા નવી સિવિલમાં યોજાઈ: ગોયમા જિ.પં. સભ્ય શૈલેષ પટેલે વિવિધ સમસ્યાની રજૂઆત કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

આજરોજ તારીખ-૨૦/૧૧/૨૦૨૫ ના રોજ વલસાડ જિ.પંચાયતની ખાસ સામાન્ય સભા જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ કેમ્પસ નવી સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે યોજાઈ હતી. જેમા ગોઈમા જિ.પંચાયત સભ્ય કપરાડા વિધાન સભાના બી.એલ.એ-૧ શૈલેષકુમાર આર. પટેલે ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસ.આઈ.આર.) ખાસ સઘન સુધારણાની કામગીરી કરવા બી.એલ.ઓ. તરીકે જે શિક્ષકોને કામગીરી સોંપવામા આવી છે તે શિક્ષકો, બાળકોનુ શિક્ષણ ના બગડે અને સમયસર આ કામગીરી પણ પુર્ણ થાય તે માટે અર્ધો દિવસ શાળામાં શિક્ષણ કાર્ય કરાવે અને અર્ધો દિવસ આ કામગીરી કરવા શાળામાંથી ઓન ડ્યુટી રજા આપવા રજૂઆત કરી અને ચોમાસા દરમ્યાન જિ.પંચાયત હસ્તકના જે રસ્તા ખરાબ થયા છે તેનુ તાત્કાલિક ધોરણે ડામર પેચવર્ક કરાવવા રજૂઆત કરી હતી. રજૂઆતને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે પ્રાથમિક શિક્ષણાધિકારી અને કાર્યપાલક ઈજનેરને આ બાબતનો અમલ કરવા સુચન કર્યુ હતું.

કાર્યસુચી પ્રમાણે અગાઉની સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી, ભીલાડ અને હનુમતમાડ આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા, આરોગ્ય કર્મચારીગણ, એચ.ટાટ, મુખ્ય શિક્ષક સંઘ. તલાટી કમ મંત્રી મંડળને માન્યતા. જિ.પંચાયત હસ્તકના રસ્તાઓને માર્ગ-મકાન વિભાગ રાજ્ય વિભાગને તબદીલ કરવા, જિ.પંચાયતના વર્ગ. ૧-૨-૩-૪ ના જુના હયાત ક્વાર્ટર તોડવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જિ.પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલે જિ.પંચાયતના સ્વ ભંડોળના નાણા ફાળવણી બાબતે જાહેરાત કરી હતી. બાંધકામ સમિતી ચેરમેન ભરતભાઈ જાદવે કંપનીઓના બાકી વેરા બાબતે ચર્ચા કરી હતી.